મિત્રતા વિષે નિ

An Essay on Frie

આવૃતિ બીજી—સુધારા વધાર

રચીને પ્રસિદ્ધ કરનાર.

પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

અધિપતિ—"સુબોધ પ્રકાશ" ઇત્યાદિ

લીંબડી. કાઠિયાવાડ.

ગ્લાનિ ગ્લાનિ હરનારો, ચિત વિશ્રામનું સદાય સ્થળ જોને;
મણિ ... બે અક્ષરનો "મિત્ર" શબ્દ એ રચ્યો હશે કોણે!

અમદાવાદ આર્યોદય પ્રેસ.

ઇ. સ. ૧૮૮૭ નો જુલાઈ, સંવત
૧૯૪૩ નો આષાડ.

કિંમત છ આના.

મિત્રંતા વિષે નિબંધ.

An Essay on Friendship.

આવૃતિ ત્રીજી—સુધારા વધારા સાથે

રચીને પ્રસિદ્ધ કરનાર.

પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

અધિપતિ—"સુબોધ પ્રકાશ" ઈત્યાદિ.

લીંબડી. કાઠિયાવાડ.

હાનિ ગ્લાનિ હરનારો, પ્રિત વિશ્રામનું સદાય સ્થળ જોને;
મણિ સમ બે અક્ષરનો "મિત્ર" શબ્દ એ રચ્યો હશે કોણે ?

અમદાવાદ આર્યોદય પ્રેસ.

ઈ૦ સ૦ ૧૮૮૭ નો જુલાઇ, સંવત
૧૯૪૩ નો અષાડ.

કિંમત છ આના.

☞ Every one that flatters thee
Is no friend in misery:
Words are easy, like the wind,
Faithful friends are hard to find
Every man will be thy friend
While thou hast wherewith to spend:—
But if store of crowns be scant
No man will supply thy want:
If that one be prodigal,
Bountiful they will him call;
If he be addict to vice,
Quickly him they will entice;
But if fortune once do frown,
Then farewell his great renown:
They that fawned on him before
Use his company no more.
He that is thy friend indeed
He will help thee in thy need:
If thou sorrow, he will weep,
If thou wake, he cannot sleep;
Thus of every grief in heart
He with thee doth bear a part.
These are certain signs to know
Faithful friend from flattering foe.

अर्पण पत्रिका.

रा० रा० छोटालालभाई सेवकराम.

કચ્છ દેશાધિપતિ શ્રીમાન્ મહારાજાના
સેક્રેટરી સાહેબ.

सवैया एकत्रिशा.

સેવકરામ તણા સુત શાણા, છોટાલાલ ઘણા ગુણવાન;
પરમ ધરમ ધારણ પૂરણ છો, વિદ્યા વિનય વિષે વિજ્ઞાન;
દેશ ઉન્નતિ ઇચ્છો છો ઉર, શૌર્ય ભરેલા સર્વ વિચાર;
પર ઉપકારી હિતકારી છો, પંડિતજનને છો સુખકાર. ૧
સ્વદેશીઓના સુખ શોધક છો, બોધકમાં અગ્રેસર આપ;
કચ્છ નરેશ કૃપા અનુરાગે, કીર્તિ પામ્યા આપ અમાપ;
આદરમતિથી લઘુ પુસ્તક આ, અરપણ કરવા ધારૂં આશ;
આપ તણા નિરમળ યશ સાથે, ગ્રંથ પામશે પૂર્ણ પ્રકાશ. ૨

લીંબડી. — આપનો કૃપાકાંક્ષી.

તા. ૨૨-૧૨-૧૮૮૬. — પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

પ્રસ્તાવનારૂપ.

શાર્દૂલવિક્રિડિત વૃતમ્.

આ સંસાર વિટંબનામય બધો, સંબંધ છે સ્વાર્થમાં;
દૃષ્ટી દીર્ઘવડે તદા સમજતાં સન્મિત્ર પરમાર્થમાં;
પ્રેમી પૂર્ણ પિછાણી તે પછિ તમે, સૌ ચેતિને ચાલજો;
પૂર્ણાનૂભવ પ્રીતિનો પરખવા, નીબંધ આ વાંચજો. ૧
પ્રીતી કેમ બનાવવિ પ્રથમમાં, કેવાનિ સાથે વળી;
તેના ગૂણ અગૂણને સમજવા, કેવી રિતે જે મળી;
લાભાલાભ વિચારિને હૃદયમાં, સૌ લક્ષમાં લાવજો;
પૂર્ણાનૂભવ પ્રીતિનો પરખવા, નીબંધ આ વાંચજો. ૨
મૈત્રીનો ખપ શો અને વિધવિધે, શું લાભ હાની થશે,
તેમાં તો સુખ દુઃખ કેટલું રહ્યું, તે જ્ઞાન વાંચ્યે થશે;
માટે રે મમ બંધુ સંધુ સમજી, ને સ્થીતિ સૂધારજો;
પૂર્ણાનૂભવ પ્રીતિનો પરખવા, નીબંધ આ વાંચજો. ૩
દે સન્માન અરે! અતી કપટથી, દોસ્તી કરે દાંભિકો;
સાધીને નિજ સ્વાર્થ એક ઘટિકા, પશ્ચાત મારે ધકો;
ફુંકીને કરડે વખાણી બહુધા, એ સર્વ સંભાળજો;
પૂર્ણાનૂભવ પ્રીતિનો પરખવા, નીબંધ આ વાંચજો. ૪

મિત્રતા વિષે નિબંધ.

"O friendship! of all things the most rare and therefore most excellent; whose comforts in misery are always sweet, and whose counsels in prosperity are ever fortunate".

"અરે દોસ્તી! સર્વે ચીજોમાં તું ઘણીજ અસાધારણ છે, અને તેટલા માટે તું ઘણીજ ઉમદાછે; વિપત્તિમાં તારા દિલાસાઓ મધુરછે, અને સંપત્તિમાં તારી સલાહ ઘણીજ ભાગ્યવાન છે."

મનહર છંદ.

અનૂકૂળ ઇશ હોય સજ્જનનો સંગ થાય,
સજ્જનના સંગ વડે દોષ દૂર થાયછે;
દોષ દૂર થયે જ્ઞાન ઘટમાં-વિશેષ વ્યાપે,
જ્ઞાન વધવાથી સનમાન તો પમાય છે;
સનમાન થકી ધન ધાન્ય તો ધરામાં મળે,
ધન ધાન્ય થકી કાર્ય ધર્મનાં કરાયછે;
ધર્મનાં કારજ વડે અંતે મોક્ષ પદ મળે,
મોક્ષ પદ મળેથી સફળ જન્મ થાયછે.

મિત્રાઇ, દોસ્તી, ખરી દોસ્તીની ગાંઠ પવિત્ર છે.

ખરા દોસ્તના ખરા સુખનો ખ્યાલ અનુભવિના મગજમાં યથાર્થ ઉતરે; અનુભવ રહિત આદમીના અંતઃકરણમાં તેનો આબેહુબ ચિતાર કદી કોતરાવાનો નહીં. એક અમ્રતફળના અનુપમ સ્વાદ માટે આ અવનિની અપૂર્ણ ભાષામાં ગમે તેટલું વર્ણન કરવામાં આવે, તોપણ માત્ર શ્રવણ કરનારનાં ચિત્તમાં યથાર્થ ગતલબ ઉતારવાને મનુષ્ય પ્રાણી શક્તિવાન નથી; અમ્રતફળનો ખરેખરો સ્વાદ તો આરોગવાથીજ સમજાય. કથવું છે, એ તો ફક્ત સૂચક રૂપ છે. એને અનુસરીને ખરી દોસ્તીમાં કેવું અવર્ણનિય સુખ અને આનંદ સમાએલાં છે, અને સ્વાર્થિ દોસ્તના સંબંધથી કેવું મહાભારત સંકટ સોસવું પડે છે, તેનો ચિતાર આપવામાં અમે યથાગતિ અમારી કલમનો ઉપયોગ કીધો છે, અને એમાં અમે ફતેહ મેળવી છે, એમ માન્ય રાખવાને અમારા વાંચનારને ખુશી ઉપજશે.

તમે જાણશો નહીં કે ખરા મિત્ર શોધવાનું કામ સેહેલ છે, તમે જાણશો નહીં કે મિત્રાઇ અંત સુધી નિભાવવી એ સુતર છે, અને તમે જાણશો નહીં કે તેનું અનુપમ સુખ બીન અનુભવિના ખ્યાલમાં આવે તેવું ને તેટલું છે, એ વિષે વિવેચન આગળ આપવામાં આવશે. મિત્ર રત્નની પ્રાપ્તી થવી એ મહાસુભાગ્યની વાત છે. દુનીઆમાં પથરાની અછત નથી, પણ રત્નનીજ અછત છે. અને જેની અછત અને ખપ છે, તેજ મહા મૂલ્યવાળી મોંઘી વસ્તુ છે. રત્નની પરીક્ષા કરનાર કુશળ ઝવેરી જો-

ઇએ છીએ, તેમજ મિત્ર રત્ન પારખનાર પણ પ્રવિણ પુ-રૂપ જોઇએ. સાધારણ માણસ પણ તેમાં વખતે ગોથાં ખાઈ જાય છે, એ દૃષ્ટી ગોચર છે.

મિત્રાઇનો મૂળ ને મુખ્ય પાયો-ઓળખાણ છે. ઓળખાણ ન હોય તો મિત્રાઇ ક્યાંથી હોય? ઓળખાણમાંથી ઘણીવાર મૈત્રિ થાય છે, પણ મૈત્રિમાંથી ઓળખાણ થતી નથી. જો મનુષ્યો એક બીજા સાથે ફક્ત કામ જેટલીજ વાત કરી વધારે સંબંધમાં ન આવે તો દુનીઆમાં મહોબત, મિત્રાચારી કે મમતા જેવું ક્યાંથી હોય? અને જો તેમ ન હોય તો આનંદ જે સુખનું મૂળીયું છે તેને કેમ મેળવી શકીએ? પણ કુદરતનો નિયમ જૂદી જાતનો છે. માણસો એક બીજા સાથે મિત્રાચારી કરવાને તેમજ માયા અને મહોબત બતાવવાને સદૈવ આતુર જોવામાં આવે છે. એ ઉપરથી સ્વતઃસિદ્ધ થાય છે કે આ અવનિમાં ઓળખાણ એ અતિ અગત્યની છે. ઓળખાણનું મંડળ મોટું હોય તો તેમાંથી ઘણાકને આપણા સ્નેહી અને કોઈ કોઇને આપણા મિત્ર બનાવી શકીએ, એ સંભવિત છે.

જ્યારે બે જણ વચ્ચે ઓળખાણ થયેથી અને ગુણ માલમ પડેથી પ્રેમ બંધન થાય છે, તેઓ એક બીજાને સમાન ગણી ઘણો નિર્મળ પ્યાર બતાવેછે અને એક બીજાનું કામ પોતાની, ફરજ ગણી બજાવે છે, ત્યારે એવી હાલતને દોસ્તી ગણવામાં આવે છે. એકનો બીજાપર અસાધારણ પ્રેમ હોય, પણ બીજો પહેલાને વિષે ગમતારહિત

કે બેદરકાર હોય તેવી એક તરફી પ્રીતિને મૈત્રિ કહેવી યો-
ગ્ય લાગતી નથી.

ઈંદ્રવિજય છંદ.

ચાતકને મન [1]સ્વાતિ સુખોદય, સ્વાતિ તૃષા ન દયા ધરનારો,
મચ્છ રહીત રહે નીર નિર્દય, મચ્છ વિયોગ થતાં મરનારો;
[2]વ્યાલવિયોગથી દુઃખી નહીં મણિ [3]પન્નગ પ્રાણ તદા તજનારો,
[4]અંબુજનું દુખ દીલ ધરે નહીં જે તક [5]આદીત આથમનારો.૧

સોરઠો.

"ધારી પ્યાર અપાર, મોર પોકારે મેઘને;
જળધર ધરે ન ધાર, તેવો મિત્ર ન ધારવો." ૧

કેમકે એવી મિત્રતા મહા દુઃખકારક અને અંતઃકર-ણમાં સંતાપદાયક છે. જેનો પ્રેમ અપૂર્વ છે તે મિત્ર, પોતાના મિત્રનો પોતાનાપર પ્યાર નથી, એટલે જે પ્યારરૂપી દ્રવ્ય પોતે અંગઉધારે ધીરે છે, તેનો બદલો પામવા રૂપ પોતાની આશા પૂર્ણ થતી નથી, એવું જાણીને અધિકાધિક ગ્લા-ની પામે છે.

ઓળખાણનું મંડળ વધારતા જવું એ ઉત્તમ માર્ગ છે, પણ મિત્ર મંડળ વધારતાં ધીમા થવાની જરૂર છે.

" Eat a peck of salt before you make friendship ". and " Be slow in choosing a friend but slower in changing ".

---

૧ એક નક્ષત્રનું નામછે. ૨-૩ સર્પ. ૪ કમળ. ૫ સૂર્ય.

"તમે મૈત્રી કરો તે પહેલાં એક પેક (૧૨ શેર) લૂણ તેની સાથે ખાઓ." અને "દોસ્ત પસંદ કરવામાં ધીમા થાઓ અને બદલતાં તેથી પણ ધીમા થાઓ." અર્થાત્ મિત્ર પસંદ કરવામાં ઉતાવળ કરવી નહીં. કેમકે ઉતાવળ એ ઘણી ખરી વખત પસ્તાવાનું મૂળ થઈ પડે છે. જેણે નાદાનની મૈત્રી કરી તેણે સ્વહસ્તે અરિ ઉભો કીધો એમ સમજવું; કેમકે " **નાદાન દોસ્ત દુશ્મનની ગરજ સારે**" એ નિઃશંસય છે.

મનહર.

કર્યો દિલદાર દોસ્તદાર ચોકીદાર એક,
[1]મર્કટને એક મહીપે પ્રીતીથી પાળિને;
સાંજ સમે સેજે સુતો [2]વાટિકા [3]વિહાર માંહી,
ચોકી કરવાનું ચીંધ્યું નિકટ નિહાળિને;
ગુંજારવ કરતો આવિયો એક [4]મધુકર,
સુગંધી સુંઘાને બેઠો છાતીએ સંભાળીને;
કોપ કરી [1]કપિરાજે [5]અસી ઉપાડીને મારી,
નૃપ છાતીને વિદારી ભ્રમર ત્યાં ભાળિને. ૧

"**नादानकी दोस्ती जीवका जान.**" એ કાંઈ ખોટું નથી. એવા દોસ્તવાળા કરતાં દોસ્ત વિનાના રહેવું, એજ કલ્યાણકારી છે. નહીં મામા કરતાં કાણો મામો સા-

૧ વાંદરો. ૨–૩ વાડીનો બંગલો. ૪ ભમરો. ૫ તલવાર.

શે ગણુવો નહીં. અક્કલહિણુ કે અપમતલબીની દોસ્તી અતિ દુઃખદાયિ છે. દોસ્તી કાંઈ એકજ જાતની નથી.

એરિસ્ટોટલ દોસ્તી ત્રણ જાતની દર્શાવે છે. ૧ "નીતિથી ઉત્પન્ન થતી." ૨ મજાને ખાતર બંધાતી અને ૩ કાંઈ લાભને વાસ્તે બંધાતી; પણ જે દોસ્તીનો પાયો નીતિ ઉપર રચાયો નહીં હોય તે દોસ્તી કહેવાય નહીં.

એક બીજો લખનાર દોસ્તીના ત્રણ પ્રકાર આ પ્રમાણે બતાવે છેઃ—"જાની, જબાની, અને નાની." અંતઃકરણથી ચાહે તે જાની. જેઓ જીભે મીઠાશ રાખે તે જબાની. અને જેઓ ફક્ત આપણા પૈસા ખાવા માટે અથવા પોતાની ગરજ સારવા માટે દોસ્ત થાય, તે નાની અથવા સુખડીયા ભાઈબંધ ગણાય. આ સૃષ્ટીમાં સુખડીયા સ્નેહીનો કશો તૂટો નથી, આવ્યો નથી અને આવશે પણ નહીં.

જાની દોસ્ત બે પ્રકારના છે. એક તો જેઓ પોતાને પૈસા સંબંધી ગમે તેટલું નુકશાન થતું હોય તેની દરકાર ન કરતાં મિત્રનો હાથ ગ્રહે, અને તેને માટે નીચે લખેલું ઉદાહરણ અસરકારક છે.

સોક્રટીસ નામના યુનાની પંડિતના પિતાએ મરતી વખતે તેને માટે માત્ર બે હજાર રૂપિઆની રકમ મૂકી હતી. આગળ જતાં તેના એક મિત્રને તેટલીજ રકમની અગત્ય પડી, તેથી તે તેણે તેને આપી. હવે તે રકમ પેલા દોસ્તના ઋણમાં આટા લૂણમાં ચાલી ગઈ, અને તે પાછી

અદા થઇ ન શકી; તોપણ ચું કે ચ્યં કર્યા વગર તે સોક્રટીસે ખુશીથી સહન કર્યું. પશ્ચાત્ સોક્રટીસનો સઘળો સામાન વેચતાં માત્ર સો સવાસોજ રૂપિઆ ઉપજે તેટલી તેની મિલ્કત હતી. તેથી તેના બીજા ધનાઢ્ય દોસ્તોએ નાણાંની મોટી રકમ ઘણા આગ્રહથી આપવા માગી, તેઓનો આભાર માની તેણે માન્ય કર્યું નહીં. ધન્ય છે એના મોટા મનને!

બીજો પ્રકાર.—જેઓ પોતાના મિત્રને નાણાની મદદ કરે, એટલુંજ નહીં પણ તેને આપદામાંથી ઉગારવાને પોતાનો જીવ જોખમમાં નાખવો પડતો હોય તો તેમ કરવામાં પણ પાછો પગ ન ધરે. એવા મિત્રો વિરલા હોય છે, એ ખરી વાત છે; પણ એવા દોસ્તો આજે બીલકુલ હોતાજ નથી, એમ માનવું એ ભૂલ ભરેલું છે. એવા દોસ્તથી દુનિયા વાંઝણી નથી. ઘણા લોકો આગળના વખતને "Golden times" "સોનેરી સમય" ગણે છે, આગળના વખતને સઘળી વાતે વખાણે છે, અને હાલના વખતને ઘણી. નામોશી આપી નિંદે છે. તેઓ ખરેખર આપણને અન્યાય આપે છે. આગળ સત્ય હતું ને શું હાલ નથી! આગળ દયા હતી ને હાલ શું નથી? આગળ લોકો માયાળુ હતા ને શું હાલમાં નથી? આગળ ગોળમાં ગળપણ અને સગામાં સગપણ હતું તે શું હાલ નથી? આગળ દેહ અર્પણ કરે એવા દોસ્તો હતા ને હાલમાં શું નથી? છેજ. આગળના અને આજના સમયમાં ગુણી ને

દોષી બન્ને હતા અને છેજ. માટે હાલના સમયપર આં-
ધળીઆ થઈ ઉતરી પડવું એ અયોગ્ય છે.

જબાની દોસ્તના પણ બે વિભાગ થઇ શકે. એક તો જેઓ પોતાના દોસ્તપર પ્યાર રાખે ખરા, પણ તેમને સહાયતા કરવામાં જો તેઓને હાની થતી ન હોય તોજ તેમ કરે. અને બીજા જેઓ પોતાના મિત્રને મદદ કરવામાં સેહેજસાજ નુકશાન થતું હોય તોપણ તેઓ કરે ખરા.

મૈત્રીની બાબતમાં આશ્ચર્યકારક એ બીના છે કે જેને કદી જોયેલો ન હોય, ઓળખતા ન હોઈએ, સ્વધર્મિ ન હોય, નાતીલો વા જાતીલો ન હોય, ન હોય વતની કે ન હોય દેશી; ગમે ત્યાંનો ને ગમે તે જાતનો હોય તોપણ ઘણી વખત તે બીજા સર્વ કરતાં વિશ્વાસુ ને દિલોજાન મિત્રને લાયકનો થઇ પડે છે. સ્વભાવ ને ગુણ મળતા આવ્યા એટલે સર્વ મળતું આવ્યું ! અને તેની સાથે સરખી વય અને સરખી સ્થિતિ હોય તો તો દૂધમાં સાકર જેવું ! માટે એવા સરખા જોડાના સદ્ગુણી મનુષ્ય સાથે પ્રીતિથી જોડાવું એજ ઉત્તમ માર્ગ છે.

મનુષ્ય પ્રાણી અપૂર્ણ છે. જગત્કર્તાએ આપણને એવી સ્થિતિમાં મૂક્યા છે કે પરસ્પરના આશ્રય સિવાય આ સૃષ્ટિની મુસાફરી કરવાનું કાર્ય વિકટ થઇ પડે. વળી એ તો ખૂલ્લું છે કે જ્ઞાનોદય, વ્યાપારોદય અને દેશોદય ઈત્યાદિ સુખદ વસ્તુ સાધ્ય કરવામાં સંપીલા બહુ જણનો ખપ છે. વળી પ્રીતિ આપ લે કર્યા વિના હૃદયને ચેન પડ-

તું નથી, માટે નાના ને મોટા, માતબર ને ગરીબ અર્થાત્ સર્વને સુખદુઃખના સાથી, સદ્ગુણી સ્નેહી જોઈએજ, એમ આપણને સ્વાભાવિક બોધ થાય છે, તેથી અખિલ જગત્ના નિયંતાની અગાધ શક્તિ પ્રકાશિત થાય છે.

સવૈયા ઈંદ્રવિજય.

આગવિના ન પ્રકાશ કરેજ, ભરેલ રહ્યું ભર* પાત્ર દિવેલે;
ઈંજીન જોર કરી ન શકેજ, વરાળ વિના કદી આપનિ મેળે;
વહાણબરાબર ચાલી શકે નહિ, વાયુ વિના જળની જયમ રેલે;
તેમ સુમિત્ર વિના જગમાં, સુખશાંતી સદાય મળે નહીં સેહેલે.

ખરૂં પૂછાવો તો મિત્રપરજ પોતાના સુખદુઃખનો આધાર છે. કાળનું અસ્તોદયનું કુદરતી ચક્ર પ્રાણી તેમજ જડ વસ્તુઓ ઉપર પણ ફર્યા કરે છે; તેમજ માણસના વિચાર સદા એક ધોરણે કે ખરા પાયાપર રહે એમ પણ બનતું નથી, એ ઉપરથી સિદ્ધ થાય છે કે દરેક મનુષ્યને વિશ્વાસુ સલાહકારની અગત્ય છે. એ અગત્ય એક સાચા મિત્ર વિના બીજા કોઇથી ગનમાનતી રીતે પાર પડવાની નહીં. આફતે, તંગી અને ઉદાસીને બખતે ઉમેદ, હિમત અને મદદ આપનાર કોઈ માનીતો મિત્ર ન હોય તો દુનીઆમાં આગળ વધાયજ કેમ ?

મનહર છંદ.

[1]ઘટમાં ઘુંટાય ઘણીવાર સુખ દુઃખ વાત,

---

* ભલે. ૧. અંતઃકરણમાં.

એવે અવસરે ^૨ઉરપટ ક્યાં ઉઘાડિયે;
માત તાત ભ્રાત નિજ માનુની મેતાજી પાસ,
ન કેવાની વાત કહો કેમરે કહાવિયે;
સાહસ સંકટ શિરપર લેવા ચિત્ત ચાય,
એમાં મન મૂકીને મદદ કોની માગીએ;
વિપત્તિ વેળાએ જ્યારે સર્વ છૂટી પડે ત્યારે,
કોના ધ્યાન તળે રહી ધીરજને ધારિએ;

જે. રેમીટેલર કહે છે કે દરેક માણસ જ્યારે પોતાની ખુશાલીમાં ભાગીઓ મેળવે છે ત્યારે તે બેવડો ખુશી થાય છે. એક મિત્ર મારી ઉદાસીમાં ભાગ લેઇને તેને અરધી કરે છે, પણ મારી ખુશાલીને વધારીને બેવડી બનાવે છે. જુઓ, મિત્રાઈની ચમત્કૃતિ કેવી છે? !

આવી સુખદાયક અને લાભકારક પ્રીતિની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે, એ અમૂલ્ય વસ્તુ સંપાદાન કરવાને દરેક માણસે તજવીજ કરવીજ જોઇએ. પ્રીતિને વિષે કોને અપ્રીતિ ઉપજે? દરેક નિયમને કાંઈ પણ અપવાદ હોય છે, તેમ પ્રીતિને માટે પણ છે.

કોઈનો અંતઃકરણનો વહાલો અને માનીતો મિત્ર કાળના કુદરતી ખવાસને આધિન થઇ, જૂદાઇનો કારી જખમ મારી ચાલ્યો જાય છે, તેથી તેને અકથ્ય ખેદ ઉત્પન્ન થાય છે. તંગી, સખ્તી અને સંકટનો સાથી ગયો તે ગયોજ, પણ તેના નિર્મળ ને પવિત્ર પ્રેમની અસર હૃદય-

---

૨. અંતઃકરણનો પડદો.

માંથી સત્વર ધોવાઈ જતી નથી, તેથી ઘણાકો અશ્રુપાત કરી શોક સાગરમાં નિમગ્ન થઈ, દુઃખ વિસારો કરવા માટે અન્યપ્રત્યે પ્રીતિ ન જોડતાં લમણે હાથ દેઇ બેશી રહે છે, એ દયા પાત્ર છે. એ તો અનુભવ સિદ્ધ છે કે પ્રિય વસ્તુનો વિયોગ થવાથી સ્નેહના પ્રમાણમાં વ્યથા થાય છે; એવું જાણીને કેટલાક અનુભવી જ્ઞાની પુરૂષો પ્રીતિને ધિક્કારે છે. આપણા કવીશ્વર કહેછે કેઃ—

સોરઠો.

"મહા રોગની રીત, પ્રીત વિષે પ્રત્યક્ષ છે;"
"કોઈ ન કરશો પ્રીત, પ્રીત કરે દુખ પ્રાણને."

કુદરતનો એક એવો નિયમ છે કે જે વસ્તુ દુઃખદાયક છે તેનો ત્યાગ કરવાને સર્વનું અંતઃકરણ સ્વતઃ શાક્ષી પુરે છે. પ્રીતિ એ મહા દુઃખદાયક વ્યસન હોય તો તેવી દુઃખદાયક વસ્તુનો ત્યાગ કરવાના નિયમને અનુસરીને પ્રીતિનો ત્યાગ કરવો જોઇએ એમ સિદ્ધ થાય છે. પણ ના, ના! એ વિષે તો વિપરિત સિદ્ધાંત છે, તે એ કે, પ્રીતિ કરવી.

જો એમ ન હોત તો કોઇ પ્રીતિ કરત નહીં. સારા ને નઠારા સર્વ મૂરખ ન હોય. સર્પના મૂખમાં આંગળી આપવી એ મોતની નિશાની છે, ને તેથી કોઇ આંગળી આપતું નથી. તેમજ પ્રીતિ એ માત્ર દુઃખનુંજ સ્થાનક હોત તો, દુઃખ પામવાને કોણ જાત? સર્વને સુખ પ્રિય છે. દુઃખ કોઈને પ્રિય નથી. આ સૃષ્ટીમાં ઇશ્વરની એવી અલૌકિક રચના છે કે કોઈ વસ્તુ સર્વ ગુણ સંપન્ન તો નથી-

જ. માટે પ્રીતિને પરિતાપજનક જાણીને તેથી વિરકત ર-હેવું નહીં; કારણ કે પ્રીતિ એ મહા સુખદાયક છે. પિડાકા-રક તો કોઇકજ વાર થાય છે. માટે જે માણસને પ્રીતિનું પાત્ર પ્રાણ સમાન પવિત્ર મિત્ર નથી, તેનેજ મહા દુઃખી, દુર્ભાગી, ને નિર્ધન સમજવો. જેને પ્રીતિ ઉપર ધિક્કાર છે, તેને કોઈ વસ્તુ સુખદાયક નથી. જે વસ્તુપર આપણને પ્રી-તિ નથી, તે વસ્તુ આપણને સુખ ઉપજાવતીજ નથી.

સમુદ્ર વાટે નૌકા સાધનથી પ્રવાસ કરતાં કઈકના વ-હાણ ડૂબી ગયાં છે, તેથી શું નાવમાં બેસી પ્રવાસ નજ કરવો? નાવથી કરોડો રૂપિઆનો વ્યાપાર થાય છે, અને સર્વોપયોગી સાધનો આપણને સેહેજે મળે છે, તે બંધ થા-ય તો આપણું દુર્ભાગ્ય સમજવું. ઘરમાં અગ્નિ રાખવાથી ઘણાનાં ઘર સળગી ગયાં, તેથી શું ઘરમાં અગ્નિ નજ રાખવો? આ સંસાર ક્ષણભંગુર છે તેથી દુઃખદાયક છે, તે-માં પ્રીતિનો વાંક નથી. સૃષ્ટીની રચના અને તેનું રહસ્ય વિચારતાં તો પ્રીતિ એ સર્વોત્તમ સુખનું સાધન જણાઇ આવે છે.

પ્રીતિ એ જગત્કર્તા તરફથી અપાએલી ઉમદા બ-ક્ષીસમાંની એક અમૂલ્ય ને અતુલ્ય બક્ષિસ છે. પ્રીતિ વિના સંસાર નથી, પ્રીતિવિના વ્યહવાર નથી, પ્રીતિ વિના માતા, પિતા, ભ્રાતા, ભગિની કોઇ નથી, પ્રીતિવિના ખાવું પીવું કાંઇ નથી, પ્રીતિવિના વિદ્યા અને તે વિના જ્ઞાન નથી. અ-ર્થાત્ પ્રીતિ વગર સંસાર ચાલતજ નહીં. માટે દરેક જણે

મિત્રો મેળવવા પ્રયત્ન કરવોજ જોઇએ એ સ્વતઃ સિદ્ધછે.

કિંગલી કહે છે કે:—

"Love me; let me feel one thing loves me upon the earth. I must have it; and if God and all the saints refuse their love, I must turn to a creature and ask it to love me but for a day".

" મને ચાહો. આ જગતમાં મને એક જણ પણ ચાહે છે એવું મને જાણવા દો. મારે પ્યાર મેળવવોજ જોઇએ; અને જો ઈશ્વર તથા સઘળા દેવો પણ મને ચાહવા ના પાડશે, તો હું કોઇ પણ પ્રાણી પાસે જઇશ અને માત્ર એક દહાડો પણ ચાહવાને હું તેને અરજ કરીશ."

મિત્રાઈના આવા ઉમદા પ્રેમને શું ધિક્કારી કહાડવો જોઇએ? પ્યાર વગરનું જીવવું શા કામનું? આપણા સુખ દુઃખમાં સાથી થનાર સ્નેહી વિના સંસારજ શું કામનો? દોસ્તી વગરની દુનીઆ તે કેવી હોય? સંસારનું જીવન ગણીએ તો તે દોસ્તીછે. લૂણ વગરનું અન્ન ફીકું, તેમ મિત્ર વગરનો સંસારજ સૂનો છે.

ઠીઓદોર મારટીન કેહેછે કે " કોઇના પણ પ્યાર વગરના, એવા માણસની જીંદગીનો છેડોજ આવેલો સમજવો. સાચી સલાહ આપનાર મિત્ર વિના એકલે હાથે આપણે સંસારમાં શું કરી શકીએ? અને અંતરના ઉભરા કયાં કહાડીએ?, ખરેખર, દોસ્તી વગર દુનિયા ઉદાસ છે.

મનાહર.

મળ્યું ખાન પાન ગાન તાન ગુલતાન મળ્યું,
મનુષ્યમાં માન મળ્યું વિશ્વમાં વિશેષ જે;
દ્રવ્યની દુકાન પડિ પંડિત પિછાન દીધું,
દાન ધર્યું ધ્યાનરોજ રાજી નિજ દેશ જે;
પૈસો પ્રમદા ને પુત્ર આરોગ્યતા અંગમાંહી,
ખમા છડીદાર બોલે હજુરી હમેશ જે;
(પણ) ઉમળકો આણી કષ્ટ કાણી કથવાનું સ્થાન,
દિલોજાન દોસ્ત ન તો સુખ નહિ લેશ તે. ૧

વસંતતિલકા.

સૃષ્ટિ વિષે સકળ સ્વાદ તણો વિશેષે,
કીધો અનુભવ રહી ન કચાશ લેશે;
તોએ ન જો સુજન મૈત્રિ સુસ્વાદ પિધો,
તો વ્યર્થ આ જગતમાં અવતાર લિધો. ૧

એક ફારસી કવિ કહે છે કે "એક દોસ્તને હાથ કરી લે. કારણ કે આ જગતમાં જે મનુષ્યનો કોઇ મિત્ર નથી, તે ઘણોજ નિરાશ્રિત રહે છે. આ દુનીઆમાં જે બક્ષીસો છે તેમાં નિમકહલાલ દોસ્ત પ્રથમ પંક્તિએ મૂકવા લાયક છે.

દોહરા.

સુર્ય ન ઉગે સૃષ્ટીમાં, દીસે દ્રષ્ટિ મંદ;
મિત્ર વિનાનો માનવી, સુખ અનુભવથી અંધ.

જીંદગીનું મધુરૂં સુખ તે દોસ્તી છે. ઈશ્વરની ઉમદા

બક્ષીસ તે દોસ્તી છે. જીંદગીમાં મીઠાશ આણનારી સાકર તે દોસ્તી છે. આ અવનિની અનેક આપત્તિથી દગ્ધ થતા અંતઃકરણને શાંતી પમાડનાર તે દોસ્તી છે, નિરાશને આશાવંત કરનાર તે દોસ્તી છે. પડી ગયેલ ગનને ટટાર કરનાર તે દોસ્તી છે. નિર્જીવને સજીવ કરનારી તે દોસ્તી છે. દુઃખના દરિયાથી મુકત કરનાર તે દોસ્તી છે. અને સુ-ખ સાગર સંપાદાન કરાવનાર પણ દોસ્તી છે. દોસ્તી એ કાંઈ નજીવી નાલાયક કે નકામી ચીજ નથી. મૈત્રિનો મ-હિમા ઘણોજ મોટો છે. મિત્રાચારી એ એક દુર્લભ અને ઇશ્વરી પ્રસાદી છે, જે થોડાનેજ મળી શકે છે. પણ જ્યા-રે તેની પ્રાપ્તી થાયછે, ત્યારે તે ઉત્તમોત્તમ સુખરૂપ થઇ પડે છે.

બેકન કહેછે કે—"મૈત્રી મનોવિકારરૂપી મોજાઓ અને તોફાનને શાંત પાડી રળિઆમણો દિવસ કરી દે છે." એટલે વિચારોનો અંધકાર અને ગભરાટ દૂર કરી બુદ્ધિ ઉપર તે પ્રકાશ નાખેછે.

ગીતિ.

ઘટ ઘટ જ્ઞાન વધારે, પ્રગટ સુમીત્રો પવિત્ર ચરચાથી,
ઘટ ઘટ પાન કરાવે, સરસ હર્ષનું વિનોદ વિદ્યાથી. ૧

રામાયણમાં કહ્યું છે કે સત્સંગ એ આનંદ અને ક-લ્યાણનું મૂળીઊં છે. સંત પુરૂષો અનુકૂળ એટલે પ્રસન્ન હોય તો તે પામી શકીએ. વળી

દોહો.

"तात स्वर्ग अपवर्ग सुख, धरिय तुलाइक अंग"
"तुलहिन ताको सकल मिलि, जो सुख लव सत्संग"

ભાવાર્થ—ત્રાજવાની એક બાજુ સ્વર્ગ અને મોક્ષનું સુખ મેલીએ તથા બીજી બાજુએ જરા સત્સંગનું સુખ મેલીએ, એમાં સત્સંગનું સુખ પેલા બેઉમાં વધારે ભારે થાયછે.

એક સંસ્કૃત કવિ કહે છે કે—

"संसार कटु वृक्षस्य, द्वे फले अमृतोपमे;"
"सुभाषितंच सुस्वादु, संगतिः सुजने जने."

ભાવાર્થ—સંસાર એ એક કડવું ઝાડ છે પણ તેનાં બેજ ફળ અમૃતની ઉપમા આપીએ એવાં છે. તે મીઠા શબ્દ અને સારા માણસની સંગતી.

સત્સંગના મહિમા વિષે આપણો ભર્તૃહરિ શું વર્ણવે છે તે જુઓ.

जाड्यं धियो हरति, सिंचति वाचि सत्यं;
मानोन्नति दिशति, पाप मपा करोति;
चितः प्रसाद यति, दिक्षुतनोति कीर्तिं;
सत्संगतिः कथय, किन्न करोति पुंसाम्.

અર્થ—"સત્સંગતિ બુદ્ધિનું જાડાપણું દૂર કરેછે. વાણીમાં સત્યતાનો સંચય કરાવે છે. માન વધારે છે. પાપનો નાશ કરેછે. ચિત્ત પ્રસન્ન કરેછે અને દશે દિશાઓમાં કીર્તિ-

નો વિસ્તાર કરેછે. માટે કહો કે સત્સંગતિ પુરૂષને શું નથી કરતી?" સત્સંગ એ આ ભવસાગરનું તુંબડું છે.

સોરઠો.

વિશ્વ વિષે વંદાય, જન સજ્જનની ચર્ણ રજ;
તો ભવ કયમ ન તરાય, પ્રતાપ તે સત્સંગથી.

A faithful friend is the medicine of life.

"નિમકહલાલ દોસ્ત એ જીંદગીનું ઔષધ છે." મૈત્રી એ મહા સુખદાયક અને સંસારોપયોગી છે. મિત્રાઇનું સુખ એ સુખનું શિખર છે. ખરેખર તે એક સુખદ સુરતરૂ છે. એ સુખની બલિહારી છે. જેને સન્મિત્ર રૂપી બક્ષીસ મળી નથી તે ખરેખર અનાથ છે. મિત્ર એ અસ્ત અને ઉદય, એ ઉભય માર્ગે સહાયક છે.

દોહરા.

હસ્તીનાં પગલાં વિષે, પગલાં સર્વે સમાય;
તેમજ સદ મૈત્રી વિષે, સુખ સહુ આવી જાય. ૧

મિત્ર આગળ છાની વાત કરવી કે નહીં, તે ઉપર આપણે થોડો ઘણો વિચાર કરીએ.

સોરઠો.

"ધન ધરવાનાં ધામ, ઠામ છેક છાનાં જડે;
વાત તણો વિશ્રામ, મળશે મુશ્કેલ મિત્રકો."

દુનિયામાં એ એક મોટામાં મોટું દુઃખ છે કે જેની અંદર આપણે સઘળો પ્યાર અને વિશ્વાસ મૂકયો હોય તે બેવફા થાય. એવા બેવફાદાર કુમિત્રથી કંટાળીને સંસા-

રી ખટપટમાં પ્રવીણ થએલા પુરૂષો કહે છે કે "શત્રુ સાથેની વર્ત્તણુક કોઈ દહાડો મિત્રાચારી થવાનો સંભવ રહે એવી રાખવી. અને મિત્ર સાથે એવી સાવચેતીથી ચાલવું કે કોઇ દહાડો તે શત્રુ નીવડે તો તેનાથી આપણી કોઈ રીતે ખરાબી અને ગુપ્ત વાત પ્રસિદ્ધ થઈ શકે નહીં." અર્થાત્—મિત્રથી છાની વાત છુપાવવી. એમાં પ્રથમના વિચારમાં ડાહપણ અને પાછળના વિચારમાં ખળતા જોવામાં આવે છે. મનનો મેલ મૂકી દઈ ખાનગી વાત મિત્રથી શું છુપાવવી? પોતાના ભેદ સાચવી રાખનાર ત્રીજોરી જો નહીં હોય તો તે ભેદ કામનાજ શું? જેને પોતાનું દુઃખ ખોલવાને એક પણ વિશ્વાસુ મિત્ર નથી, તેના જેવો અભાગ્યો આ દુનીઆમાં બીજો અમે જોતા નથી. જ્યાં સુધી સન્મિત્ર મળ્યો નથી ત્યાં સુધી કાંઈજ મળ્યું નથી. લૅટિનમાં કહેવત છે કે "તું તારા **અંતઃકરણને ખાઈશ નહીં.**" મતલબ કે વિચારોને મનમાં ગુંગળાવી રાખ્યાથી અંતઃકરણ ખવાઈ જાય છે.

આવું તો ઘણી વખતે આપણા જોવામાં આવ્યું છે કે જ્યારે કોઈ માણસો કોઇ બાબતની દિલગીરીમાં નિમગ્ન થાયછે, અને તે બાબતનો ખુલાસો કરવાને તેને કોઈપણ મિત્ર હોતો નથી, ત્યારે પોતાના મનની વાત મનમાંજ ઘુંધવાય છે, અને તેનું પરિણામ એ આવે છે કે તેઓ કેટલાએક રોગના ભોગ થઈ પડેછે, અને તેમાંથી કોઇ કોઈ મરણ પણ પામે છે. અંતઃકરણમાં સંતાપ ઉત્પન્ન થવાના

કારણથી થયેલા રોગપર દાકતરોની દવા ઘણી ખરી વાર નિષ્ફળ જાય છે.

જેઓને ખરો મિત્ર મળ્યો હોય તેઓ પોતાના મનની વાત પોતાના મિત્રની પાસે ખુલ્લી કરેછે, એથી તેને એવો તો કરાર થાય છે કે તેવો કરાર બીજા લાખો ઉપાયથી કદી થઈ શકવાનો નહીંજ. પોતાનું હૃદય સુમિત્ર પાસે ખાલી કરવાથી ભવિષ્યના કેટલાક રોગમાંથી બચાયછે, એમ પ્રવીણ પુરૂષો પોતાનો મત વિદિત કરતા આવ્યાછે.

સારી સલાહની સર્વ મનુષ્યને અગત્ય છે. પણ સારી સલાહ કોણ આપી શકે? અજાણ્યો માણસ ગમે તેટલો વિદ્વાન હોય પણ તેની પાસેથી આપણા સંકટને માટે જેવી જોઈએ તેવી સલાહ મળવાનો સંભવ છેક ઓછો છે. દાખલા તરીકે ધારો કે કોઈ દાકતર પોતાના દરદીનું દરદ પીછાણી શક્યો હોય, પણ તે દરદીની તમામ પ્રકૃતિ અને રહેણી કરણીથી અજ્ઞાન હોય તો તેનું દરદ ગટાડતાં બીજાં ચાર નવાં દરદો ઉત્પન્ન કરશે અથવા દરદ સારૂં કરશે તો દરદીને મરણ પથારીપર પોઢાડશે. એવીજ રીતે જે માણસ આપણા વિષે પૂરેપૂરો માહીતગાર ન હોય તેની સલાહ ઘણી વાર એક હરકત હઠાવશે, પણ તેની સાથે ચાર નવી અગવડો આપણને ઉત્પન્ન કરી આપશે. ત્યારે ખરી સલાહ કોણ આપે? જે માણસપર આપણો પૂરો ભરોસો હોય, જે આપણી સઘળી હકિકતથી વાકેફ હોય, અને જેની આગળ આપણે આપણું દિલ ખોલીને વાત કરતા હોઈએ,

એવા મિત્ર તરફથી જેવી ઘટતી સલાહ મળે તેવી બીજી કોઇ સ્થળેથી મળવાનો સંભવ અલ્પ છે.

ઈંદ્રવજ્રા છંદ.

જે દુઃખ દુઃખી મન ચોરી રાખે,
સન્મિત્રની પાસ કદી ન ભાખે;
થાશે વ્યથાનો ઉલટો વધારો,
ધારો સદા સૌ જન સ્નેહિ સારો.

હા, એટલું ખરૂં કે કોઇની સાથે પ્રીતિ વૃદ્ધિ પામવા માંડી કે તરતજ આપણી સઘળી ગુહ્ય વાતથી તેને માહિતગાર કરવો એમાં ડાહપણ નથી. કારણ કે એની થોડી ઘણી પણ ખાતરી થયા વગર તેનાપર ભરોસો કેમ લાવી શકીએ? પણ કોઈની સાથે ઘણી મુદતની પ્રીતિ થઇ, તેનાપર વિશ્વાસ રાખવાના કેટલાંક કારણ મળ્યાં છતાં **"મનની મનમાં"** રાખવામાં માલ કે વિવેક નથી. મિત્રની આગળ પોતાની યોજના માત્ર કહી બતાવ્યાથી તે ગોઠવાઇને પોતાની મેળે સરખી થઇ રહે છે; તેમજ સુખ દુઃખના ઉભરા મિત્ર આગળ બહાર કાઢયાથી મન મોકળું અને નિર્મળ થાય છે. માટે મિત્રથી ડરીને કે કપટ ભાવ ધરીને મનની મનમાં છુપાવીને છુપી રીતે અંતઃકરણને અકળાવા દેવું એ અઘટિત છે. આપણો મિત્ર આપણો શત્રુ થઇ આપણી વાત ખૂલ્લી કરશે તો દુનિયાની નજરમાં તે હલકો ઠરશે અને સમજુ માણસો તેનાથી ચેતીને ચાલશે. તેમજ આખરે એ વિશ્વાસઘાતીને તેની કરણી પ-

માણે ફળ મળશેજ. કદાપિ આ દુનીઆમાં નહીં તો પેલી દુનીઆમાં–ત્યાં કાંઇ પોપાબાઇનું રાજ નથી. મતલબ કે ખાતરી થયા પછી મિત્ર આગળ વાત છુપાવવી એ અમને તો અયોગ્ય લાગે છે. જાહેરમાં જેટલી વાત થઈ શકે તેટલીજ કરવી હોય તો મિત્ર મેળવવાજ શા વાસ્તે ? અને મિત્ર કહેવાયજ કેમ? બીજાઓની સાથે તેઓને પણ ઓળખાણનાજ વર્ગમાં મૂકવા જોઇએ. હવે આપણે મિત્ર પરીક્ષાપર થોડી ઘણી વાતચીત ચલાવીએ.

"દોસ્તીનો પ્રકાશ તારાના પ્રકાશ જેવો છે. તારાનો પ્રકાશ જેમ અંધારામાં માલૂમ પડે છે તેમ દોસ્તીનો પ્રકાશ અંધારામાં અથવા દુઃખની વખતેજ માલુમ પડે છે."

માત્ર સ્વાર્થથીજ જે મિત્ર થાય છે, તે આપત્તિ કાળે અળગા રહે છે; પણ જે ફક્ત પ્રેમથીજ દોસ્ત થાયછે, તે એવા સમયમાં કદી છોડી જતા નથી.

Love without end has no end.

સ્વાર્થ વગરની પ્રીતિ હમેશાં ટકે છે.

જેના શૂન્ય અંતઃકરણમાં પ્રીતિની લાગણી કિંચિત અસર કરી શકતી નથી, એવા કેટલાક હિચકારા આદમી પોતાના દોસ્તના સંકટ સમયમાં પોતાને પણ કષ્ટ થશે એમ ધારી ટપોટપ પલાયન કરી જાય છે, પણ પછી દૈવયોગે પેલા મિત્રની સ્થિતિ સુધરતી ચાલી તો પલાયન કરેલ મિષ્ટવાદી મિત્રોનું પુનરાગમન થતાં વિલંબ લાગતો નથી.

"Prosperity gains friends and adversity

tries them."

"સુખની વખતે દોસ્તો એકઠા થાય છે અને દુઃખની વખતે તેમની પરીક્ષા થાય છે."

દોહરો.

સરખા દુશ્મન દોસ્ત છે, વિના વિપત્તિ કાજ;
[1]તુલ ઢગલા ને ટેકરા, [2]સમિર વિના સરખાજ.

આપત્તિ કાળ મિત્ર રૂપી સુવર્ણની કસોટી કાઢવાને પૂરતો લાયક છે. એવા વખતમાં જે મિત્રના પ્રેમમાં લેશ માત્ર પણ ફેર પડતો નથી, તેમજ જે, મિત્રની ખાતરી કરી આપવાને એ તકનો અમૂલ્ય લાભ લેવાને ચૂકતો નથી, તેનેજ ખરો—તેનેજ સાચો અને તેનેજ નિમકહલાલ મિત્ર કહીએ. દોહરો—

વૃક્ષ સાથ લાગી રહી, વેલ તણી જે પ્રીત;
સુકે પણ મૂકે નહીં, એ પ્રીતિની રીત;

जो न मित्र दुख होहीं दुखारी,
तिन्हि बिलोकत पातक भारी;
निज दुख गिरि रज सम करि जाना,
मित्रके दुख रज मेरु समाना;
कुपंथ निवारि सुपंथ चलावा,
गुन प्रगट अवगुनहि दुवारा;
देत लेत मन शंक न धरहि,

૧. રૂ. ૨ પવન.

बल अनुमान सदा हित करहि;
विपत्तिकाल कर सत गुन नेहा,
श्रुति कह संत मित्र गुन एहा.

એ પ્રમાણે રામાયણમાં સન્મિત્રોના ગુણ ધર્મ વર્ણવેલા છે લાયક મિત્ર પોતાના સુકૃત્યોથી મિત્ર મંડળમાં આનંદ ઉપજાવે છે. લાયક મિત્ર પોતાના સોબતીથી અંતર નહીં લેખતાં તેનું સારૂં તે પોતાનુંજ સારૂં માને છે. લાયક મિત્ર વખત આવે પોતાના સ્નેહીને તન મન ધને સહાય આપે છે. લાયક મિત્ર રાજદ્વારે અને રણે પોતાના દોસ્તને મદદ આપવામાં પ્રાણ અને પૈસાનું નુકશાન થશે, એવા ભયનો તિરસ્કાર કરી બાંય ગ્રહિ ઉભો રહે છે. અર્થાત્ લાયક મિત્ર જેમ સુખમાં તેમ દુઃખમાં ભાગીઓ થવાને સદા તૈયાર રહે છે.

ફિલિપીની પ્રસિદ્ધ લડાઈમાં બ્રુટસનું લશ્કર પરાજય પામી નાસી જતાં તે સરદાર શત્રુના હાથમાં ફસાઇ પડવાની અણીપર હતો; પણ તેને તેના લુસીલીઅસ નામના એક પરમમિત્રે કેવી યુક્તિથી—અને પોતાને માથે જીંદગીનું જોખમ ખેંચી લેઇને બચાવી લીધો હતો તે જુઓ— કેટલાક સિપાઇઓ બ્રુટસને પકડવા આવ્યા પણ તેઓ તેને નજરે ઓળખતા નહોતા. એ તકનો લાભ લેઈને લુસીલીઅસે પેલા પકડનારાઓને કહ્યું કે “ બ્રુટસ તો હું છું.. ચાલો હું એન્ટોની આગળ આવું. ” એમ કહીને તે એકલો એન્ટોની પાસે જવા નિકળ્યો અને પોતાના મિત્ર બ્રુ-

ટસને તેણે નસાડી મૂક્યો. એન્ટોનીની હજુરમાં હાજર થઇને તેણે ખરેખરો ખુલાસો કર્યો કે "મારૂં નામ લુસીલીઅસ છે, બ્રુટસનો હું પરમ પ્રિય મિત્ર છું—તેનો જીવ ઉગારવા અને મિત્ર તરીકે મારી ફરજ બજાવવા બ્રુટસનું નામ ધારણ કરી અહીં આવવા મેં યોગ્ય ધાર્યું છે. પ્રભુ પ્રતાપે આ યુદ્ધમાં તમને જય મળ્યો છે, તેનો શું મારા જેવા રંક મિત્રને કશો બદલો નહીં મળે ? તમે લાંબો વિચાર કરી જુઓ તો મારી આ વર્ત્તણુક માટે તમારા મનમાં લાગી આવ્યા વગર રહેશે નહીં. દરેક માણસે જો જરૂર પડે તો પોતાના મિત્રને માથું આપવું ઘટિત છે. સર્વેને એકવાર મરવાનું તો છેજ. તો કીર્ત્તિ સાથે મરવું એથી બીજું રૂડું શું ?"

લુસીલીઅસની આવી હિંમત, સદ્ગુણ તથા મિત્ર તરફ અનુપમ પ્રીતિ જોઇ એન્ટોની તો છકજ થઈ ગયો અને તેના તરફ હસતું મુખ રાખી બોલ્યો "તારી હિંમતનો બદલો વાળવાની મારામાં શક્તિ નથી. મને હમણાં ખબર મળી છે કે બ્રુટસ મરણ પામ્યો છે તો હવે તેની સાથે તું જેવી મિત્રાચારી રાખતો હતો તેવીજ મારા તરફ રાખ એટલીજ મારી તને વિનંતી છે." આટલી વાતચીત થઈ રહ્યા પછી તેઓ વચ્ચે એવી મિત્રાચારી બંધાઇ કે તે છેલ્લી ઘડી સુધી કાયમ રહી.

जैसो बंधन प्रेमको, तैसो बंध न और;
काठही भेदें कमलको, छेदि न निकरे भौंर.

પ્રેમના બંધન જેવું બીજું કાંઇ બંધન નથી. ભમરો લાકડાંને ભેદી શકે છે પણ કમળને ભેદી શકતો નથી.

દોસ્તોની પિછાણ સંપત્તિમાં નહીં પણ વિપત્તિમાં થાય છે. "મને દુઃખની વખતે દોસ્તની જરૂર છે. સુખની વખતે તો મને દોસ્તનો કશો તૂટો નથી." જે દોસ્ત દુઃખની વખતે આપણને કામ ન આવે તે શા કામનો ?

મિ. કરસનદાસ મૂળજી જ્યારે વિલાયત સિધાવ્યા ત્યારે હુર્રે વદનારા અને મોઢાની લાપશી પીરસનારા હજારો હતા, પરંતુ જ્યારે તેઓ પાછા આવ્યા અને જ્ઞાતિ બહાર મૂકાયા ત્યારે તેમની સાથે ભોજન વ્યવહારી કેટલા જૂજ હતા, તે ઘણાકના જાણવામાં હશે. જ્યાં સુધી કામ નથી પડયું, ત્યાંસુધી દોસ્ત અને દુશ્મન બન્ને સરખા છે.

દોહરો—

હેત નકામું હંસનું, પિડા પડયે ઉડિ જાય;
સાચી પ્રીત શેવાળની, જળ સાથે સૂકાય, ૧
ઝાડ સુકાણું જે સમે, ઉડચાં વાસિ [1]વિહંગ;
પણ કોમળ [2]કિશલય બધાં, સૂકાણાં તે સંગ. ૨

પોતાના મિત્રના બચાવને અર્થે ઘણાક નિમકહલાલ દોસ્તોએ પોતાનો અમૂલ્ય દેહ અર્પણ કર્યો છે. ખરા દોસ્તનો ખરો બનેલો એક દાખલો સ્ત્રી બોધમાંથી ટપકાવી લીધો છે તે એકાગ્ર ચિત્તે વાંચવા અને મનન કરવા યોગ્યછે.

ડામનનો દોસ્ત—

"જ્યારે સાઇરેક્યુસના રાજા ડાયોનિશિઅસે ડામનને

મોતની શિક્ષા કીધી, અને તેને ગરદન મારવાનો દહાડો ઠરાવ્યો, ત્યારે વચમાંના બાકીના દહાડા પોતાને દેશ જઈ પોતાના કુટુંબ પરિવારનું ઠીકઠાક કરવામાં ગુજારવાની ડામને રજા માગી. આ રજાની રાજાએ ના પાડી. પણ ખુલ્લી રીતે ના પાડતાં તેને શરમ આવી. માટે તેણે એવી સરત કીધી કે તે કદી બહાલ રહેજ નહીં. રાજાએ કહ્યું કે "તું તારે ગામ સુખેથી જા. પણ તુ તારે બદલે બંધીખાનામાં કોઈને મૂકી જા. તે એવી સરતે કે ફાંસીને દહાડે જો તું નહીં આવે તો તારા તે બદલીને ગરદન મારશું." ડામન વિચારમાં પડ્યો, કે આવી સરતે કોને મૂકી જવાય? પણ દરબારમાં ડામનનો દોસ્ત પીઠીયાસ બેઠેલો હતો તે ડામનનો જામીન થયો. તેણે ઉપલી સરત કબૂલ રાખી, અને ડામન પોતાને દેશ ગયો. આમ કરતાં મોતનો દહાડો આવ્યો—તોપણ ડામન પાછો ફર્યો નહીં. માટે હવે પીઠીયાસ કેવો પસ્તાવો કરે છે તે જોવા સારૂ રાજા પોતે બંધીખાનામાં ગયો, અને ડામનનો જામીન થઈ પીઠીયાસ કેવો ફસાયો તે બાબત તેની મશ્કરી કરવા લાગ્યો. પીઠીયાસે ઘણીજ ગંભીરાઈથી જવાબ દીધો કે "જહાંપનાહ, મારો દોસ્ત ડામન પોતાના વચનથી ફરે તે કરતાં મને એક હજારવાર ફાંસીએ દો તે હું પસંદ કરીશ. તે આવ્યા વગર રહેશે નહીં, અને હું જીવતો રહ્યા વગર આંહીથી જઇશ પણ નહીં. પણ હું ચાહુંછું કે તે નહીં આવે, અને હું તે-

૧ પક્ષી. ૨ કમળિયાં.

ને બદલે પ્રાણ આપું. હે! ઇશ્વર, એને આવતો અટકાવજો! હે પવન! હે પાણી! એની મુસાફ્રીમાં થોડી પળની હરકત કરજો; કે જેથી એના મોતની ઘડી વીતી જાય, અને હું ફાંસીએ ઝુલ્યા પછી તેના આવી પહોંચવાથી તેની આબરૂ અને જીવ બન્ને સલામત રહે, એવું કરજો, હે! દેવતાઓ! કે મારા કરતાં હજાર ગણો કિંમતી જે ડામનનો જીવ, તેનાં બૈરી છોકરાંનો પ્યારો જે જીવ, તે મારો જીવ જવાથી સલામત બચે.”

આ જવાબથી રાજાપર ઘણી અસર થઇ અને તે દુઃખી દિલે પાછો ગયો. અંતે ફાંસીનો વખત આવ્યો પણ ડામન આવી પહોંચ્યો નહીં. પીડીયાસને ગરદન મારવા કાઢયો, અને તે ઘણી ખુશીથી ફાંસીના લાકડા તરફ ચાલ્યો. ડાયોનીસીઅસ રાજા પોતે છ ઘોડાના રથમાં બેસી તમાશો જોવા આવ્યો. પીઠીયાસે પોતાના મોતના હથિઆરો ગંભિરાઇથી તપાસ્યાં અને મરતી વખતનું છેલ્લું ભાષણ કરવા ઉભો થયો. તે બોલ્યો કે “ ભાઇઓ! દેવતાઓએ મારી પ્રાર્થના સાંભળી છે. તમે જાણો છો કે સમુદ્રમાં પવન ફર્યો છે, તેથીજ કરીને ડામન પાછો ફર્યો નથી. મારી ખાતરી છે કે તે પોતાના ગામથી તો આંહી આવવાને નીકળી ચૂકયો હશે, પણ કુદરતની સામે તે થઈ શકશે નહીં. અહા! એ કેવાં સારાં ભાગ્ય! કાલે તે આવી પહોંચશે, પણ તેટલામાં આજે હમણાં મારૂં લોહી રેડયાથી તેનો જીવ ઉગરશે. ભાઈઓ! તમારા મનમાં

મારા દોસ્ત ડામન વિષે બદગુમાન નહીં લાવશો. તે ગમે એવી ઉતાવળ કરીને આવશે. પણ મારૂં મોત તેની ઉતાવળની આગળ જશે." આમ બોલી તે જલ્લાદો આગળ વાંકો વળે છે તેવામાં હાજર થએલા લોકોમાંથી મોટો ગભરાટ ઉઠ્યો. આ ગભરાટથી જલ્લાદો ચોંક્યા, તેથી તેઓએ પોતાનો હાથ અટકાવ્યો. "સબૂર, સબૂર! મારશો ના! મારશો ના!" એવા પોકાર વચ્ચે લોકો નાસ ભાગ કરવા મંડ્યા. આ ગભરાટનું કારણ એ હતું કે એક જણ ફીણ ફીણ થતા ઘોડાપર સ્વાર થઈ દોડમાર આવતો હતો. લોકો તે ઘોડા તળે કચરાઈ જવાની ધાસ્તીથી સઘળા ખસી ગયા. આ ઘોડે સ્વાર કોઇજ નહીં પણ ડામન પોતે હતો, તે ફાંસીના માચડા આગળ પળવારમાં દોડી આવ્યો. એકદમ ઘોડાને છોડી મેલી ઉપર ધસ્યો, અને પીડીયાસને ભેટીને બોલ્યો "તું સલામત છે! મારા ખરા વહાલા દોસ્ત તું સલામત છે! મારે હવે મોત સિવાય બીજું કશું ભોગવવાનું નથી. હું દેવતાઓનો પાડ માનું છું કે, બે વચન અને નિમકહરામ પણાની નામોશીમાંથી તેઓએ મને છોડાવ્યો છે. મને મારૂ મોત લાગવાનું નથી, પણ જો મારે માટે તું મુઓ હોત તો તે ડાઘનું દુઃખ મોત કરતાં મહા માઠું, જન્મ સુધી મારાપર રહી જાત." એટલું બોલતાંજ ડામન થાકેલો, હાંફતો, ફીકો, પોતાના દોસ્તના ખોળામાં પડ્યો. સઘળા ધારતા હતા કે તે બેહોશ થયોછે, પણ નહીં; તે તો વખતસર આવી પહોંચવાની દોડ તથા

થાકથી દમ મૂકીને મરણુ પામ્યો. આ ત્રાસદાયક દેખાવ જોઈ પીઠીયાસ પોકે પોક મૂકીને રડચો, અને જલાદોને હુકમ કીધો કે "આવો દેખાવ જોવા કરતાં મને ફાંસીની શિક્ષા કરી મારો અંત આણો." આવો અસરકારક દેખાવ કોનાથી સહન થાય ? રાજા પોતે પોતાના રથમાં રડી પડ્યો. તે આંસુભરી આંખે રથમાંથી ઉતરી ફાંસીના માચડા ઉપર આવ્યો અને પીઠીયાસને ભેટીને બોલ્યો કે, "**જીવતો રહે, પીઠીયાસ જીવતો રહે. જીવતોજ નહીં પણ તું અમર થશે, અને કિર્ત્તિ સાથે જીવશે. ઓ ! પીઠીયાસ, તારી દોસ્તી તેજ ખરી દોસ્તી. તું ખરી દોસ્તીને લાયકનો છું. વાસ્તે મારો પણ ખરો દોસ્ત થા ! અને જેવા રૂડા દાખલાએ તેં મને પોતાની ભણી ખેંચ્યો છે, તેવીજ રૂડી શીખામણથી મને પણ તારા સરખો સુધાર**"!

આહા ! કેવો એમનો પ્યાર ! કેવી દોસ્ત તરફની દૃઢપ્રીતિ ! કેવી મમતા ! કેટલો વિશ્વાસ ! અને કેટલી નિમકહલાલી ! અપૂર્વ ને પુનિત પ્રેમ તે આજ ! આવા પવિત્ર પ્રેમની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી. હે પ્રભુ, હે જગન્નાયક મહત્પિતા, તારી કૃપા વડે અમે આ સંસારમાં આવા મિત્ર મેળવીએ એમ તું કર. અને અમારા દોસ્તો તરફ નિમકહલાલી અને વિશ્વાસથી વર્ત્તી વખત આવતાં અમારી નેક ફરજ બજાવવાને ખુશીથી બહાર પડીએ એવી તું અમને નિર્મળ બુદ્ધિ આપ.

ડામન ને પીઠીઆસ જેવા પવિત્ર મિત્ર સર્વ અને સર્વ ઠેકાણે ક્યાંથી મળે? દુનીઆમાં એવા થોડાકજ મિત્રો વખતો વખત ઉત્પન્ન થાય છે. અને વખત આવે તેમની પૂરેપૂરી કસોટી નીકળે છે.

એટલું તો ઘણી વખતે આપણા જોવામાં આવે છે કે કોઇ માણસના ઉદયના અવસરમાં તેને કરકોલી ખાવાને, ભાઇ ભાઈ કરતા ખરા દોસ્તનો ડોળ રાખી ઘણા જણ તેની સાથે ધુમે છે, તેમાંથી પડતીના વખતમાં કેટલા જુજ મદદગાર થાય છે? તેનો કેટલાએકને અનુભવ હશે, અથવા એ બનાવ પોતાની નજરે જોયો હશે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે કેટલાક તો ગીધની પેઠે ફોલી ખાવાજ ભેળા થતા હશે.

એ ભેળા થયેલામાંથી કેટલાક ઊંદરની પેઠે ફુંકી ફુંકીને કરડી ખાય છે, અને કેટલાક એથી પણ નીચ, ખોદણીયા હોય છે. તેઓ ખાય છે તેનુંજ ખોદે છે. મોઢે નીઠું વદી પછવાડેથી ભૂંડું બકીને કામ બગાડે છે તેથી તેઓ એવડા દોષિત છે.

परोक्षे कार्य हन्तारं, प्रत्यक्षे प्रिय वादिनं ॥
वर्जये तादृशं मित्रं, विषकुंभं पयो मुखं ॥

(અર્થ) સોરઠો.

પાસે વદે પવીત્ર, પરપુંઠે કારજ હણે;
તજવા તેવા મિત્ર, ઝેર ઘડે મુખ પય ભણી. ૧

તે પર આ ગુજરાતી કહેવત છે.કે "મોઢે મીઠો અને પેટમાં પાળી." કપટી મિત્રથી કંટાળીને એક અનુભવિ ઇંગ્રેજી કવિ કહે છે કે—"મને ખુલ્લી રીતે દુશ્મનાઇ રાખનાર દૃઢ અને શૂરો દુશ્મન આપો. હું બહાદુરીથી તેની સામે થઈ શકું; પણ ઓ ભલા ભગવાન ! તારા ગુસ્સાથી મારાપર જે બધી આપ્દ્ત પાડે તેમાંની કપટી દિલના મિત્રરૂપી આફ્તમાંથી તું મને બચાવ."

ચોપાયા.

સ્વાર્થ સાધવા સ્નેહ કરીને, કપટ હૃદયમાં રાખે;
વાત ભિતરની ભગવત જાણે, ભ્રાત ભ્રાત મુખ ભાખે.
વલ્લભ વાયક વદતાં વદતાં, નિજ વિશ્વાસ ધરાવે;
દુખ દરિઆમાં નાખી દેવા, ફંદ કરીજ ફસાવે.

ભાઇ ભાઇ! કહેનારા હાજીઆ સ્નેહીઓ, જ્યારે વિપત્તિ આવી પડે છે ત્યારે ટપોટપ છુપાઇ જાય છે. પછી પેલા દુખીઆરા માણસને પશ્ચાતાપ થાય છે કે અરે! દુનીઆ સ્વાર્થનીજ સગી છે. જ્યાં સુધી મારી સાનુકુળ સ્થિતિ હતી, ત્યાં સુધી મારો પડતો બોલ ઝીલી લેવાઅને મને મીઠું મનાવવાને કેટલા બધા માણસો મિત્રના વેશમાં મારી આસપાસ વિંટળાઇ વળ્યા હતા? પણ તેઓ સઘળા એકી વખતે કોણ જાણે ક્યાંય ચાલ્યા ગયા? દોસ્ત કોના? અને વાત કોની? આ દુનિયામાં કોઈ કોઇનું સગું નથી. "**સુખના સહુ**" છે. ખરે વખતે કોઈ કોઇને કામ આવતું **નથી** !

બહારના દમામ વગેરેથી ઠગાયેલા મનુષ્યને એમ ધિક્કાર ઉપજતાં સર્વ માણસને આપસ્વાર્થી ગણી પુનઃપ્રયત્ન નહીં કરતાં શોકાર્ત્ત સ્થિતિમાં નિમગ્ન રહે છે, પરંતુ એ અયોગ્ય છે. કેમકે અવનિમાં કોઈજ સારા નથી એવું વદવું તે વ્યર્થ છે. કહેવત છે કે "પાંચે આંગળીઓ સરખી હોતી નથી." મતલબ કે સર્વ માણસ એકજ ગુણ તથા એકજ પ્રકૃતિના નથી. **"बहु रत्ना वसुंधरा"** સૃષ્ટીમાં અનેક રત્ન છે. માટે પોતાના ગુણ સ્વભાવને મળતા મનુષ્યને શોધી મિત્રતા કરે તો લાભજ થાય. એમ છતાં એક બે જણથી કદાપિ છેતરાયા તો ભાવિભાવ ગણી દિલગીરી દૂર કરવી. પણ એકના સદ્ગુણથી સર્વને સદ્ગુણી ગણવા અને એકના દુર્ગુણથી સર્વને દુર્ગુણી માની બેસવું એ કેવળ અન્યાય છે. ખરો માર્ગ અને ખરી રીત તો એજ છે કે એકના ગુણાગુણથી અન્યપર ધોરણ નહીં બાંધતાં તેની પરીક્ષા કરી જોવી. સ્વાર્થી મિત્રોથી ઠગાએલા માણસો કહે છે કે—

દોહરો—

દોસ્ત રહે નહિ દુઃખમાં, પરંપરાની રીત;
વૃદ્ધ ધણીનો વીનતા, કરશે ત્યાગ ખચીત.

પણ જેના સ્નેહીઓ સારા હોય છે તેના મનમાં આવો વિચાર આવે છે કે—

દોહરો.

પણ પતિવ્રતા ન પરહરે, વૃદ્ધ ભલે વર હોય;

તેમજ સજ્જન સ્નેહી તે, તજે ન અતિ દુખ તોય.

પણ એવા સ્નેહીઓ વિરલા હોય છે. પાંદડાંનું પાલણ કરનાર રસ જ્યાં સુધી ઝાડમાં સલામત હોય છે, ત્યાં સુધી પાંદડાં, ઝાડનાં સગાં થઇને વળગી રહેછે, પણ જેવો રસ ખૂટયો કે શિઆળાની કકડતી ઠંડીમાં ઝાડને નાગું ને થરથરતું મૂકી પાંદડાં એક પછી એક ચાલી નીકળેછે. એવી રીતે સુખડીયા ભાઈબંધ જ્યાં સુધી આપણી પાસે પૈસા હોય છે, ત્યાં સુધી સોડ મૂકતા નથી. અને મીઠી મીઠી વાતો કરી આપણને રીઝવવાને માટે તરેહવાર યુક્તિઓ કરે છે. પણ જ્યારે આપણે ગરીબી હાલતમાં આવી જઇએ છીએ ત્યારે જાણે તેઓ આપણને મળ્યાજ નહીં હોય તેમ મ્હો ફેરવી ચાલ્યા જાય છે. વળી પીઠ પાછળ નિંદા કરે કે કેવો મૂરખો ! કે પોતાના પૈસા આવી રીતે ઉડાવી દીધા! કહેવત છે કે--"સોબત કીજે શ્વાનકી, દો પાંતીકા દુઃખ"

"ખીજ્યા કાટે પાંઊકું, રીઝ્યા ચાટે મુખ."

કોઈ માણસ પ્રસંગવિના આપણી મૈત્રિ કરવા આવે, અને પ્રીતિ દર્શાવવા આપણી પાસે આપણી સ્તુતિ કરે, તેના વિષે વ્હેમ આણી વિચાર કરવો ઉચિત છે કે તે પ્રશંસક પોતાની શી મતલબ સાધવા આવ્યો છે? કારણ કે એવી ચાલ ચલાવનારા ઘણું કરીને આખરે આપ મતલબીજ જણાઈ આવે છે. કેટલાએક લુચ્ચા, બીજાની ખુબસુરત સ્ત્રી દેખીને, કેટલાક ધનાદિ જોઈને, કેટલાક વૈ-

ભવ જોઇને, અને કેટલાએક બીજાનો અધિકાર જોઈને કાં-ઇપણ સ્વાર્થ સાધ્ય કરવા હાજીઆ બની દોસ્ત થવા આવે છે. આપ સ્વાર્થી જનો પોતાનો સ્વાર્થ સાધવા ભોળા, મદાંધ ને માલ વગરના લોકોનાં ખોટાં ફૂલનાં વખાણ કરી, ઢમ ઢોલ બનાવી, આસમાન સુધી ચડાવી, દુર્ગુણમાં ફસાવી પોતાની મતલબ પાર પાડવા માંડે છે. ફૂલાભાઈને તેનું કશું ભાન આવતું નથી; તે ભાઇસાહેબ તો જાણે કે અહો ! મારા મિત્રો કેવા વફાદાર, મિલનસાર ને નિષ્કપટી છે ! પણ પછી જ્યારે ફૂલાભાઇની પડતી દશા આવે છે, અને તેની લક્ષ્મી ને લાજ રજા લેવા માંડે છે, ત્યારે જે સ્વાર્થી જનો તેનાં ખોટાં વખાણ કરતા, તેજ તેને ધિક્કારે છે, તેજ તેને તજી દેછે, અને તે મસકાખોરા તેને વારંવાર યાદ આવ્યાથી તેની ઉદાસીનું મુખ્ય કારણ થઈ પડે છે. પછી તે કપટી ભાઈબંધના નામપર મોટી પોક મૂકે છે; પણ રડવા સિવાય તેમાં બીજું કાંઇ વળતું નથી. ઊંડા નિશાસા મૂકી અંતર બાળવું, એજ ફળ છેવટ હાથમાં આવે છે, એને મળતો દાખલો શેક્સપિયરના "ટીમન ઓફ અથેન્સ" નામના નાટકમાં નીચે મુજબ છે.

"અથેન્સ શેહેરમાં ટીમન નામનો એક અમીર રહેતો હતો. એ અમીર એટલો તો દોલતમંદ હતો કે તેની દોલત ગણાઈ શકાય તેટલી નહોતી. કુબેરનો ખજાનો તેને જાણે હાથ લાગ્યો હોય એમ હતું. તે ઉદાર દિલનો હોવાથી મોકળે હાથે પૈસા ખરચતો. દરરોજ સંખ્યાબંધ મે-

માનોને નોતરતો. હજારો અમીર ઉમરાવો એના ખાણામાં ભાગ લેતા, એમાંથી થોડાક અમીરો તેના મિત્રો થઈ પડ્યા, તેમને લાડ લડાવવામાં ટીમને કશી બાકી રાખી નહોતી. તેમને વારંવાર બક્ષીસો આપતો. એ બક્ષિસોના બદલામાં તેઓ રંગીન ભાષાથી તેના પરોપકારની પ્રશંસા કરતા, અને ટીમનને વાસ્તે પોતાનો આત્મા અર્પણ કરવાને તેઓ આતુર હોય એવો ડોળ બતાવતા. આ ભોળા દિલનો અમીર તે સર્વ સાચું માનતો, અને તેઓને પોતાના ભાઇ પ્રમાણે ગણતો. એઓના ઘણાજ માનીતા મિત્રો લુશીઅસ, લુકુલ્લસ, સેમપ્રોનીઅસ અને વેન્ટીડીઅસ એ નામના હતા. એ છેલ્લા શખ્સને તેણે પૈસાની મોટી રકમ આપીને કેદખાનામાંથી છોડાવ્યો હતો. આ ચંડાળ ચોકડીને વખતસર મદદ કરવામાં તથા તેઓને મોજ મજા કરાવવામાં તે અતિશય ખરચ કરતો, અને બીજા અનેક પ્રકારે ધન ઉડાવતો. એ વાત તેના એક નિમકહલાલ નોકરના મનમાં વારંવાર લાગતી હતી, તેથી તે, એ બાબતપર વારંવાર શેઠનું ધ્યાન ખેંચતો, પણ તે ફોકટ. હવે ધીરે ધીરે તેનું રોકડનાણું તણાઈ ગયું; અને ત્યાર પછી તે ગરાસચાસ વેચવા લાગ્યો. તેનો પણ છેડો આવ્યો. અને ઉલટો કરજદાર થયો. ખરચને વાસ્તે પૈસા તો જોઈએ, તેથી પેલા નોકરે શેઠને કહ્યું કે "માગનારાઓ તકાદો કરે છે, અને આપણી પાસે તો હવે કાંઇ રહ્યું નથી." શેઠે કહ્યું, "જમીન કેમ વેચતો નથી ?" "શેઠ, જ-

મીન તો સઘળી વેચાઈ ગઇ." ચાકરે આંસુ ભરી આંખે જવાબ દીધો. શેઠ કંહે "તું જરાએ દિલગીર થઈશ નહીં. મારા એટલા બધા સખી દિલના મિત્રો છે કે તેઓ આપણને કશી વાતે ઉની આંચ આવવા દેનાર નથી. માટે તારે અને મારે કશી ફિકર રાખવાનું કારણ નથી." એમ કહી પોતાના જૂદા જૂદા નોકરને ચિઠ્ઠી આપીને જૂદા જૂદા મિત્રોને ત્યાં ઉછીના પૈસા લેવા મોકલ્યા. પેહેલો લુકુલસને ઘેર ગયો. પણ તે તો ટીમન પાસેથી કાંઇ પડાવવાનો મનસુબો કરતો હતો. તેવામાં ચાકર ગયો તે જાણીને તે હરખાયો કે, ચાલો, આપણું કામ થયું. પણ ચિઠ્ઠી વાંચતાં માલૂમ પડયું કે ચાકર તો પૈસા લેવા આવ્યો છે, ત્યારે તે બહુજ નિરાશ થયો. અને નિર્લજ થઇને તે ચાકરને કહ્યું કે—" તું ઘણો ચંચળ દીસે છે. આ લે. આ બે પૈસા તને આપુંછું તે લે. અને તારા શેઠની આગળ એવું જાહેર કરજે કે, લુકુલસ મને મળ્યોજ નથી" તેના બાકીના મિત્રો પણ નિમકહરામી બજાવવામાં કાંઇ ઓછા ઉતર્યા નહીં. અને જે વેન્ટીડીઅસને તેણે કેદખાનામાંથી છોડાવ્યો હતો તે પણ ટીમનના માણસને ઠાલે હાથે પાછો વાળતાં જરાએ લજવાયો નહીં. ટીમનના તેઓ એટલા આભારી હતા કે, તેઓ તેને વાસ્તે ગુલામ તરીકે વેચાય અથવા પોતાના ચામડાના જોડા શીવડાવી તેને પહેરાવે તોપણ તેના આભારનો બદલો વળી શકે તેમ નહોતું. જ્યારે ટીમન પોતાના દોસ્તની બેવફાઇથી વાકેફ થયો ત્યારે તેના દિ-

લમાં કેવો કારી જખમ લાગ્યો હશે, તેનો વિચાર તમને સેહેજ આવી શકશે. તે એટલો તો નિરાશ થયો અને દુનીયા તેને એવી તો અકારી થઈ પડી કે તેણે સર્વસ્વ ત્યાગ કર્યું, અને પશુઓની પેઠે તે એક ગુફામાં વસવા લાગ્યો, અને તે દિવસથી તે તમામ માણુસ જાતને ધિક્કારવા લાગ્યો!

બે માણુસો રસ્તામાં મળે છે, ત્યારે એક બીજાને કહેછે કે—"કેમ છે દોસ્ત?—કેમ છે પ્રિય મિત્ર?" અથવા ઘણા માણુસો પોતાના સેહેજ ઓળખાણવાળાને પત્ર લખતાં, "પરમ પ્રિય મિત્ર, દીલોજાન દોસ્ત" વગેરે અનેક જાતના વિશેષણ વગર સમજે લગાડે છે, તેમને પૂછીએ કે ભાઇ, તમે મિત્ર કેવા? તો જવાબ મળે છે કે, અમે એક ઠેકાણે નોકર છીએ, અથવા એકાદ પ્રસંગે સાથે મળ્યા હતા કે જમ્યા હતા. પણ જો દોસ્તીનો અર્થ આવોજ હોય તો પછી દોસ્તી જેવી નજીવી ચીજ દુનીઆમાં કોઈ નથી.

"મિત્ર" અથવા "દોસ્ત" એ શબ્દ નજીવો નથી કે તે જયાં ત્યાં વાપરવો જોઇએ. પણ ઘણા માણુસોમાં એની દરકાર મટી ગઇ છે, અને તે જયાં ન ઘટે ત્યાં પણ વાપરવા લાગેલ છે. સાધારણ ઓળખાણને મિત્રાઇનું પવિત્ર નામ આપવું જોઈતું નથી. ઓળખાણ અને દોસ્તીમાં ઘણો ફેર છે. ઓળખાણવાળા હજારો માણુસો હોય છે, પણ 'દોસ્ત તો એકાદ કે બેચાર હોય અથવા વખતે

નહીં પણ હોય. ખુરી દોસ્તીનું સુખ ભોગવે તેને મહા ભાગ્યવાન ગણવો જોઈએ. અને જે ભોગવે તેજ તેનો ખરો સ્વાદ જાણે.

ઘણીવાર કેટલાએક માણસો ફરિઆદ કરેછે કે જ્યારે મારી કને પૈસા હતા ત્યારે મારી પાસે પુષ્કળ મિત્રો આવતા અને આજે જ્યારે હું નિર્ધન છું ત્યારે કોઇ મારી તરફ આડી નજરે પણ જોતું નથી; આમાં ફર્યાદ કરનારનીજ મોટી ચૂક છે, તેની આબાદીની વખતે જે "મિત્રો" આવતા, તે મિત્રો તેના પોતાના નહીં, પણ તેના પૈસાના પરમ મિત્ર હતા. જ્યારે પૈસા ગયા ત્યારે મિત્રો જાય એમાં શી નવાઈ?

ચોપાયા.

માઠું મિત્રને બહુ લાગેછે, મિત્ર દગો દે જ્યારે,
અથવા આપત્તિ અવસરમાં, અળગો થઈ ધિક્કારે;
પ્રિત પ્રથમ કરિ પછિ તરછોડે પીડામાં પ્રતિકૂળ,
ઝડ ઝડ છાતી ત્યારે બળતી, જાણે નિકળે શૂળ;
હા! મમ મિત્રે આ શું કર્યું! કલ્પાંતજ એમ કરેછે,
નાખીને નિશ્વાસ નિરંતર, આંખે આંસુ ભરેછે;
વાડ ગળે વેલાને ત્યારે, ક્યાં કરવી ફરીઆદિ,
એમ દૈવનો કોપ ગણીને, પામે પીડ પ્રસાદી.

હરિગીત.

સંસારમાં સૌજન સદા નિજ સ્વાર્થ સેજે સાધવા,
મિત્રાઈ બાંધે બોલિ મનહર વચન બહુ વાલા થવા;

જ્યાં ગોળ સાકર ખાંડ ત્યાં કીડી કુંડાળું ભાળજો,
છટ! સ્વાર્થ ને પરમાર્થ પ્રીતિ રીતિ ઉત્તમ જાણજો.
રૈ સાથ સંપતિમાં અને આપત્તિમાં અળગો ફરે,
પૈસે પ્રશસા નેજ નિર્ધન થાય ત્યાં નિંદા કરે;
ધિક્કાર એવી દોસ્તિને એ દુષ્ટથી દુર સૌ થજો,
છટ! સ્વાર્થ ને પરમાર્થ પ્રીતિ રીતિ ઉત્તમ જાણજો.

मित्र द्रोहि कृतघ्नश्च, तथा विश्वास घातक;
त्रयस्ते नरकंयांति, यावत् चंद्र दिवाकरौ.

અર્થ—મિત્રનો છળ કરનાર, ઉપકાર કરનારનું બૂરૂં કરનાર અને બિશ્વાસઘાત કરનાર, એ ત્રણે જણ સૂર્ય ચંદ્ર તપેછે ત્યાં સુધી નરકમાં રહેછે.

જેમ સુપાત્ર મિત્રથી ફાયદા છે તેમ દેખીતું છે કે કુપાત્ર મિત્રથી નુકશાન થાય છે. નઠારો સંગ ચેપી રોગ જેવો જાણી તેની છાયામાં પણ જવું ન જોઈએ. થયેલો કુસંગ છોડવો એ મહા વિકટ છે. આગસ્ટાઈન નામનો ધર્માધ્યક્ષ કહેછે કે—

"Bad Company is like a nail driven into a post, which after the first and second blow, may be drawn out with little difficulty, but being once driven up to the head, the pincers can not take hold to draw it out, but which can only be done by the destruction of the wood"

અર્થ--"કુસંગ એ એક લાકડાના સ્થંભમાં બેસાડેલા લોઢાના ખીલાની તુલ્ય છે. એ ખીલા ઉપર પહેલો અને બીજો ઘા માર્યા પછી તેને પાછો કાઢી લેવો હોય તો તે થોડી પરાકાષ્ટાએ નીકળી શકે. પણ એક વાર તેને માથાબૂડ સજ્જડ બેસાડ્યા પછી પાછો કાઢવો હોય તો તે પછી સાણુસીની પકડમાં પણ આવી શકતો નથી. અને તે લાકડું ભાગ્યા સિવાય તે પાછો પણ નીકળનાર નથી." કુસંગ હાડ બેઠો તે જન્મ પર્યંત ટળવાનો નથી. મૂળ ઊંડા ન હોય ત્યાં સુધી અલ્પ શ્રમે ઉખેડી શકાય.

વળી તે વિષે સંસ્કૃતમાં કહેલું છે કે—"કોઈ માણુસ અત્યંત ધીર અથવા બુદ્ધિવાન હોય, દયાળુ હોય, સારા ગુણવાળો તથા સારા આચરણવાળો હોય, નીતિને સમજનાર હોય, સારા માઠાનો વિવેક બીજાને સમજાવી જાણે તેવો હોય, અને વિદ્વાન અથવા વિવેકવાન હોય, તેવા પુરૂષને પણ જેની પાપ બુદ્ધિ છે, એવા દુષ્ટ પુરૂષનો સદા, સર્વ કાળ સંગ રહે તો તેની બુદ્ધિ પેલા પાપીષ્ટ જેવી થઈ જાય છે. અને પોતે તેવાં નીચ આચરણ પ્રસિદ્ધ રીતે કરે છે. એ વિષે ગુજરાતી ત્રીજી ચોપડીમાં પોપટનાં બે બચ્ચાંની વાત છે, તે જાણીતી છે.

ચોપાઈ.

પોપટ પેખ્યો પંડીત ઘેર, વિનયવચન બોલે બહુ પેર;
રામ કૃષ્ણ કે ઉર ઉમંગ, સંગ પ્રમાણે પામે રંગ.
પોપટ પાળ્યો જે ચંડાળ, સેજે શીખ્યો દેવા ગાળ

દેખો એવું ન થાશો દંગ, સંગ પ્રમાણે પામે રંગ.
પહેલો લે પરૂણાની ભાળ, બીજો બોલે ભુંડી ગાળ.
એક માતના બેઉ વિહંગ, સંગ પ્રમાણે પામે રંગ.

तुखमे ताशिर—अथवा सोबत तेवी असर થાય એમાં કશી નવાઈ નથી. સારાની સોબતથી સારી બુદ્ધિ આવે તેથી યશજનક કાર્ય કરવાં સૂઝે, ને બૂરાના સંગથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ઘણી તરેહના દુષ્કર્મ કરવા તરફ ચિત્ત ખેંચાય એ ખુલ્લું છે. પારસમણિના સ્પર્શથી લોઢાનું કંચન બને છે! વળી લોઢાનો તાર સતારના સત્સંગ વડે કેવો મનોરંજક મધુર સ્વર કહાડી ચિત્તાકર્ષક નિવડે છે! અને એક જીવડું પણ સુમનની સોબતથી મહાદેવને મસ્તક ચડે છે! સત્સંગનો મહિમા ઘણો મોટો છે.

જો દરજીની સોબત હશે તો શીવતાં અથવા છેવટ દોરો ભરતાં તો આવડશેજ. જો દાકતરની દોસ્તી હશે તો કેટલાક રોગપર લાગુ પડતી ઉપયોગી દવાનાં નામ અને થોડો ઘણો ઉપયોગ કરતાં આવડશે. જો કોઈ મેહેતાજીનો સંગ હશે તો, વિદ્યા તરફ કે કાંઈ વાંચવા તરફ ચિત્ત સત્વર દોડશે. તેમજ જો વકીલની સોબત હશે તો ધારાની બારીકી જાણવાની તમને સ્વાભાવિક જિજ્ઞાસા ઉત્પન્ન થશે. કહેવત છે કે "કાળીઆની જોડે ધોળીઓ બાંધો; જો કદાપિ વાન ન આવશે પણ સાન તો આવશેજ આવશે."

ચોપાઈ.

ધોળું વસ્તર ધુળમાં ધરો, મેલું થાય વિચારજ કરો;

મેલ મટે જો પાંણી પ્રસંગ, સંગ પ્રમાણે પામે રંગ.
એક પ્રસુતાના બે પુત્ર, એક વિરાગી તજે ઘર સુત્ર;
બીજો જોદ્ધ જગાડે જંગ, સંગ પ્રમાણે પામે રંગ.

સંગ પ્રમાણે રંગ પામવા માટે જેમ મોટાને તેમજ નાનાને સુસંગની જરૂર છે. નાના બાળકપર તો સારા નરના ગુણની જલદી અસર થઇ જાયછે, માટે તેમના ગોઠીઆ હમેશ લાયકજ જોઇએ. અને તે બાબત તેમના માબાપોએ હમેશ જોવી જોઇએ. એ દરકાર રહેવા જેવી એ બાબત નથી.

ઉપરના આભાસથી મોહી પડવું નહીં, ઉજળું એટલે દૂધ, અને પીળું એટલું સોનું ધારવું નહીં. મિત્રાઇની બાબતમાં આગલાના રૂપ ઉપર જોવાનું નથી, તેના ચિત્તાકર્ષક પોશાક ઉપર નિહાળવાનું નથી, તેના ડોળડમાક કે ધામધુમપર નજર કરવાની નથી, તેમજ તેની બોલવા ચાલવાની લલિત વાક્ચાતુર્યપર મોહિત થઇ તેના વિષે ઉંચો મત બાંધી બેસી રહેવાનું નથી. મનુષ્યની તુલના તેના બહારના દેખાવપરથી કરવાની નથી, એટલે રૂપે રાચવાનું નથી. ખરી પરીક્ષા તો તેના ગુણ--સદ્ગુણની કરવાની છે. ઉપરના દેખાવથી મોહી પડેલા જીવડા ઘણીવાર અતિશય પસ્તાયા છે, પસ્તાય છે, અને પસ્તાશે. ધોળું દેખી ધાશો નહીં.

માલિનીછંદ.

નિરખિ નર રૂપાળો, ભૂલમાં મોહ મીશે,
ઉપર ઉપર શોભે, ઈંદ્રવર્ણો અતીશે;

દુઃખપ્રદ ધુમમાંહી ફોડતાં છે ફૂજેતી,
પ્રથમ કરી પરીક્ષા તે બધી બાંધ પ્રીતિ. ૧
દિપક રાગ વિલોકી રત્ન જેવી રૂપાળી,
શલભ નિકટ ઉડી નાંખતા દેહ બાળી;
કુટિલ દિપ કૃતઘ્ની એમ પાળે ન નીતી,
પ્રથમ કરિ પરીક્ષા તે પછી બાંધ પ્રીતી. ૨
હરિણ દુરથિ દેખી ઝાંઝવા કેરૂં પાણી,
અમિત શ્રમિત થાયે દોડી છેટું પ્રમાણી;
પણ ન તરસ ભાંગે પીડ પામે પછીથી,
પ્રથમ કરિ પરીક્ષા તે પછી બાંધ પ્રીતી. ૩
કદિ વગર વિચારે મૈત્રિમાં ઝંપલાશો,
પ્રતિદિન પસતાઈ દીલમાં દુઃખિ થાશો;
ચતુર પુરૂષ ચેતો પ્રીતની એવી રીતી,
પ્રથમ કરિ પરીક્ષા તે પછી બાંધ પ્રીતી. ૪
ગરિબ પણું ન જોવું, બાંધવી પ્રીત જ્યારે,
ગુણ અવગુણ શોધો પામશો સૂખ ત્યારે;
પરઅજુ સહ પ્રીતી કો દિ ભાળો ન ભીતી,
પ્રથમ કરિ પરીક્ષા તે પછી બાંધ પ્રીતી. ૫

"વણિકની મિત્રાઇ નહીં." "બ્રાહ્મણની દોસ્તી શી! બ્રાહ્મણ માગે ને મગવે." "મિયા ભાઇની યારી ને શેરી સુધી સહીઆરી." "સો વર્ષનો સેજ્જા[૧] તે ભટ્ટ તોડે ભાટિઓ" એ ટુકા કોઈ પેટના બળેલાઓએ ચલાવ્યા લાગે

૧ સંબંધ.

છે. એકાદ કે થોડાના દોષથી આખી નાતને માથે કલંક ચડાવવું એ ધિક્કારવા યોગ્ય છે. દરેક નાતમાં અને દરેક જાતમાં સર્વ સરખા હોતા નથીજ. ભલા હોય અને ભૂંડા પણ હોય; માટે વિવેક દ્રષ્ટીથી જોઈ તપાસીને મત બાંધવો.

મિત્રાઇ બાંધતાં પહેલાં પુખ્ત વિચાર કરવો. કારણ થયેલી દોસ્તી તોડવી એ સહેલું અને ઠીક નથી. માટે ગુણ દોષ વિષે ગણના કરવી. જેમ નવા નવા દોસ્ત થતા જાય તેમ જૂના દોસ્તોને પડતા મૂકવા નહીં. બાળ મિત્રોને કદી વિસારવા નહીં. ઘડપણની દોસ્તી કરતાં જુવાનીની દોસ્તી, અને જુવાનીની દોસ્તી કરતાં બાળપણમાં થયેલી દોસ્તી વધારે પસંદ કરવા યોગ્ય છે. "જૂના મિત્રો સર્વોત્તમ છે. જેમ્સ રાજાને જૂના જોડા મંગાવવાની ટેવ હતી, કારણ કે તે તેના પગને સૌથી સુખદાયક લાગતા."

જૂના મિત્રોના મેળાપથી જૂની વાતો સાંભરી આવે છે, આગલી અને હાલની હાલતની સરખામણીથી નવું નવું ઘણું શીખવાનું મળે છે. મિત્ર મેળાપ જેવું એકે સુખ નથી. મિત્ર મિત્રને ભેટે છે ત્યારે તે કેવો હર્ષ પામે છે? મિત્ર સાથે વાત કરતાં કેટલો બધો આનંદ ને સંતોષ મળે છે, તેમજ મન કેટલું બધું પ્રફુલ્લિત થાયછે?! સ્વર્ગના સુખ કરતાં સુમિત્રના મેળાપનું સુખ અધિકાધિક છે.

કવિત.

જગમાં જણાતાં તન ધન ને જોબન સુખ,

ક્ષણિક ખચીત તેથી નીશ્ચે નીરસ છે;
વિવિધ વૈભવ અને વનિતા વિહાર સુખ,
વિગતે વિચારતાં તે વધતું વિરસ છે;
વેદ ને પુરાણમાં મનાયલું મુની જનોથી,
મોક્ષનું અનુપ સુખ પણ તે અદૃશ્ય છે;
ભવમાં મનાતાં ભવ્ય સુખો અનુભવે જોતાં,
સુમિત્ર મેળાપ સુખ સર્વથા સરસ છે. ૧
સુચવે સુપંથ પ્રતિ બખતે પ્રબોધ આપે,
ચિત્તમાં પવિત્ર ચિત્ર પાડે ચતુરાઈનું;
મિત્રનું તે પોતાનું પોતાનું મિત્ર તણું માની,
જીવ ગયા લગી જત્ન કરે નજુદાઇનું;
સ્વારથ તજીને સુખ દુ:ખમાં સહાય કરે,
મુખથી વદે ન કશું વાયક વડાઇનું;
પાપથી બચાવી મહા તાપને મટાડનાર,
સુમિત્ર મેળાપ સુખ સર્વથા સવાઈનું. ૨

"Society, friendship and love,"
"Divinely bestowed upon men;"
"Oh! had I the wings of a dove,"
"How soon would I meet you again."

(Cowper).

મંડળી, દોસ્તી અને પ્યારને તેણે ઇશ્વરી બક્ષીસો ગણેલી છે. અને પોતે એક ઘણાંજ દૂરના જંગલમાં હોવાથી એમને ફરીથી મળવાને માટે તે એક કબૂતરના સ-

રખી પાંખો માગે છે, તેને એકાંતવાસ ગમતો નથી. અને એકાંત વાસની કમકમાટ ભરેલી હાલતમાં રહ્યા છતાં તે મિત્રો સાથે ગમે એવી ધાસ્તીની જગ્યામાં રહેવાને વધારે પસંદ કરે છે.

કેટલાક પંડિતોનો મત છે કે મિત્રનો સહવાસ વર્જી પરદેશ જઇએ તો પ્રીતિ દિવસે દિવસે ક્ષિણતા પામતી જાયછે, અને કેટલાકનો મત તેથી પ્રતિકૂળ એટલે એવો છે કે પ્રિય વસ્તુ દૂર જવાથી તેમાં લલુતા વધતી જાયછે. તેમાંથી શું ખરૂં અને શું ખોટું, તેનો નિર્ણય કરવાનું અમે વાંચનારને સોંપીએ છીએ.

પરદેશ જવાથી પ્રીતિ ઘટો વા વધો, પરંતુ પત્રો રૂપી પાણી પાઠવી મિત્રોની વિરહ દુગ્ધા ટાળવાની પૂરી જરૂર છે, એમાં કયો અનુભવી ના પાડનાર છે?

મિત્ર, એ આ અસાર સંસારમાં વિશ્રામ તરૂ છે. તે આધિ વ્યાધિ અને ઉપાધિ મટાડી આપણને શાંત બનાવે-છે. પાપથી મુક્ત કરી, દુર્ગુણથી છોડાવી, તેમજ અમુઝણથી અળગો કરી પ્રેમથી પોષણ કરેછે. આ દુનિયામાં માતા પિતા અને મિત્ર વગેરે હિતકારી છે, પણ તેમાં મિત્રથી તો આડો આંક છે. કેટલીએક વાત એવી હોયછે કે, નહીં તેમાં માતાજીની મદદ લેવાય, નહીં તે પરમ પવિત્ર પિતાજીને જણાવાય; કે નહીં તેમાં બીજા સગાં વહાલાંની સહાયતા લેવાય. પરંતુ એવી કોઇ વાત કે એવી કોઇ આપત્તિ નથી કે તેમાં પોતાના પવિત્ર મિત્રની મદદ કે મત

લેવાને આપણને આંચકો આવે. તે ઉપરથી સાબિત થાયછે કે માતા પિતા અથવા બીજાં સગાં વહાલાં કરતાં મિત્રનો રસ તો ન્યારોજ છે! સુખ દુઃખની વાતો સોંપવાનું એ એક સત્પાત્ર છે. એવા મિત્રનો સદા સર્વકાળ સહવાસ રહે એ ઉત્તમોત્તમ સુખ છે. પણ ન ચાલતાં વિયોગ થાય તો પત્રથી મેળાપ તો હમેશ રહેવોજ જોઇએ. પત્ર દુતથી પણ અનેક વાતની આપદા અને અડચણ ઓછી થાયછે. તેમજ ગુંચવણના વખતમાં એથી શાંતિજનક સલાહ મળેછે, એ અનુભવ સિદ્ધ છે. ખરો મિત્ર પોતાના મિત્રને હરકોઇ કારણથી ઉત્પન્ન થએલો શોક દૂર કરવા પ્રિય વાણીથી મિત્રનું મન રંજન કરી, દિલાસો આપી તેના સંકટનું નિવારણ કરવા યથાગતિ અને યથાશક્તિ શ્રમ કરેછે.

પોતાના મિત્રને સમયોચિત સલાહ આપવી એ એક મુખ્ય ફરજ છે, પણ એમ કરતાં તેના બોધક ગુરૂ થઈ પડવું ન જોઈએ. સલાહ આપતી વખતે પંડિતના જેવું ડોળ ઘાલી કહેવાથી સામાને સ્વાભાવિક રીતેજ ખોટું લાગેછે. અમારૂં કહેવું એમ નથી કે તેને સલાહ ન આપવી જોઈએ. અમારૂં કહેવું એમ નથી કે તે કદાપિ ખોટે રસ્તે ચાલતો હોય તો તેનો અટકાવ કરવો ન જોઈએ. પણ અમારૂં કહેવું તો એમછે કે હમેશાં જરૂર સિવાય ગુરૂજી ન બનતાં દોસ્તજ રહેવું. મિત્રને યોગ્ય શીખામણ આપતાં કેટલીએક વખત કેટલાએક દોસ્તોને ખોટું લાગ્યાથી દોસ્તીના હકમાં ઝોળો પડવા જેવું થાયછે. તેટલા માટે એવે વ-

ખતે સમયસૂચકતા વાપરી શીખામણ રૂપી દવા ગોળે વીંટીને, અથવા પસંદ કરેલા પ્રિય શબ્દોમાં, કહેવાની મતલબ માંહે સમાય એવી કહેવત વડે, ઈસપનીતિ જેવી લાગુ પડતી વાર્તાથી, અથવા કોઈનાપર વાત લાગુ કરી પરોક્ષ રીતે કહેવામાં આવે તો તેના અંતરમાં બરાબર ઠસે અને આપણી ઇચ્છા પાર પડે. વાસ્તવિક જોઇએ તો તેને આપણું બોલવું ગમે કે ન ગમે, સારૂં કે બુરૂં લાગે, પ્રિય કે અપ્રિય લાગે, સલાહ પૂછે કે ન પૂછે, તોપણ તેનું હિત હોય તેજ કહેવું જોઈએ. પણ જો ગોળથી કામ સરતું હોય તો વિષનો ઉપયોગ કરવાનું કોણ પસંદ કરશે ?

દુનીઆમાં હમેશાં પ્રિય બોલનારા ઘણા હોયછે. પરંતુ અપ્રિય પણ હિતકારક બોલનારા તેમજ તે ખુશીથી લક્ષમાં લેનારા પણ વિરલાજ હોયછે.

આપણે આપણી ખરી ફરજ બજાવીએ એમ છતાં મિત્રને માઠું લાગે તો આપણે નિરૂપાય છીએ.

મિત્રની શીખામણ મહા પુસ્તક કરતાં પણ વધારે અસર કરે છે. મહાવક્તા બર્કસનો મિત્ર, ફોક્સ વારંવાર કહેતો કે "જે કાંઈ હું ચોપડીઓમાંથી શીખ્યોછું, અને જે કાંઇ દુનિયાના લોકો અને તેમને લગતી બાબતોથી મને જ્ઞાન મળ્યું છે, તે સઘળું ત્રાજવાના એક પલ્લામાં મૂકું અને બર્કસની શીખામણથી તથા તેની સાથે વાતચીત કરવાથી મારામાં જે સુધારો થયો છે, તે બીજા પલ્લામાં મૂકું તો તે (બીજું) પલ્લું ઘણુંજ વધારે ભારે થાય."

મિત્રની શીખામણ આવી અમૂલ્ય છે, માટે તેના વચન કદાપિ કડવાં લાગે પણ તે ઔષધની પેઠે હિતકર છે, એમ જાણીને તે સદા ગ્રહણ કરવાં જોઇએ. જેને આપણા વિષે સારી લાગણી હશે, તેજ આપણને માઠું મનાવીને પણ આપણું કલ્યાણ કરવા સુમાર્ગ બતાવશે. નિરંતર કોપટનું મીઠું મનાવનારાથી ચેતીને ચાલવું જોઇએ.

ડાઓજીનીઅસ કહેછે કે "તમારા મિત્રોમાં ખુશામતિઆ, અથવા તાડ ઉપર ચડાવનારને ઘણા ભયંકર તથા જોખમ ભરેલા તમે સમજજો." મીઠું મનાવીને માઠું કરનારા તથા દુર્ગુણી માણસોથી સદા સાવધ રહેવું ઘટેછે. સેનિકા કહેછે કે "એવા માણસો સાથે વાતચીત કરવાથી પણ આપણને ઈજા થાયછે. જો કે તેમની વાતથી તરત કાંઇ ગેર લાભ થતો જણાતો નથી, તોપણ તેનું બીજ આપણાપર રહી જાયછે, અને આપણે તેનાથી દૂર જઇએ છીએ, તોપણ એક મરકીની માફક તે આપણી પાછળ આવેછે."

સ્પેનમાં કહેવત ચાલેછે કે "વરૂઓની સંગતમાં વસશો તો તેમની પેઠે તમે પણ ભૂંકતા શીખશો."

ઘણા ખરા, દુર્ગુણી માણસના પ્રસંગથી પોતાનો ધર્મ વિસરી જઇ નિંદીત કર્મો કરતાં શીખે છે. દુનીઆમાં એક દુર્ગુણની સાથે બીજા કેટલાએક દુર્ગુણોને નિકટનો સંબંધ હોય છે. એટલે એક, પછી બીજો, પછી ત્રીજો, એમ એક પછી એક દુર્ગુણો તેનાપર સરદારી ચલાવવા માંડે છે, તેથી તે મહા દુર્દશામાં ફસી પડેછે.

કેટલાએક માણસો પોતાના વિચારપર મગરૂબ રહી વ્યસની, અને દુરાચારીની દોસ્તી કરેછે. તે એવા વિચારથી કે "બંદા ક્યાં કાચા છે કે વ્યસની અથવા દુરાચારી પોતાની અસર મને લગાડી શકશે ?" પણ રે માનવી, ને મિથ્યા અકડાય છે શા માટે ? અરે આંખ ઉઘાડી જરા જો. શાંત થઇ બે ઘડી વિચાર અને તપાસ કર કે, તારી ધારણામાં તું ઠગાય છે કે નહીં ? સારાનું નરતું થતાં જરા પણ વિલંબ લાગતો નથી. નકલ બહુધા નરતાનીજ થાય છે. પણ નરતાનું સારૂં થતાં ઘણો વિલંબ લાગે છે. કદાપિ તું વ્યસન કે દુરાચારથી બચ્યો, (જો કે ઘણે સહવાસે તેમ થવું એ અતિ મુશ્કેલ છે) તો પણ તું નામોશીથી તો બચ્યો નથીજ, એ ખાતરીથી માનજે. કલાલ સાથે બેશી પયપાન કરતાં અને આહિર સાથે રહી મદ્યપાન કરતાં દુનીઆ તારા વિષે શું વિચારશે ? ખચીત દુનીઆ તારા વિષે માઠો મતજ બાંધશે, એમાં કશો શક રાખવાનું કારણ નથી.

ભર્તૃહરિ કહેછે કે 'તપાવેલાં લોઢા ઉપર પાણીનું ટીપું પડ્યું હોય તો તે પાણીનું નામ માત્ર એંધાણ પણ રહેતું નથી. તેજ બિંદુ કમળપત્રપર પડવાથી મોતી સરખું ચકચકે છે, અને તેજ બિંદુ જો સ્વાતિ નક્ષત્રને વિષે છીપના મ્હોડામાં પડેછે, તો તેનું ઉત્તમ મોતી બંધાય છે ! માટે અધમ, મધ્યમ, તથા ઉત્તમ ગુણ એ વિશેષે કરીને સંગબળથીજ પ્રાપ્ત થાય છે." A man is known by

the company he keeps.

મનહર છંદ.

વિષ્ણુંતણા સંગ વડે શંખને સન્માન મળે,
જગતમાં જાહેર એ વાત ક્યાં અજાણિ છે;
સ્મશાનની રાખ લાખ રીતે છે અમાંગલિક,
તે ઈશાન-અંગ સંગે વિભૂતિ લેખાણિ છે;
દોષથી ભરેલી ઘેલી દુનીઆ છે તોયે પણ,
બ્રહ્માએ રચેલી માટે ડાહ્યામાં મનાણી છે;
ગુણહીણ હોય પણ ગુણિતણી સંગતિથી,
વસ્તુ માત્ર તણી અત્ર પ્રતિષ્ઠા પ્રમાણી છે. ૧
એકજ માળીની વાડી માંહીજ ઉગાડીયાં ને,
એકજ માળીએ સંભાળીને પાયું પાણિ છે;
એકજ માળીએ સારાં સારાં ભાળી ટાળી કાઢચાં,
એકજ માળીને હાથે માળાઓ ગુંથાણી છે;
એક છાબ માંહિ પાણી છાંટી તે બજારે લીધી,
એજ માળી હાથે પુષ્પમાળાઓ વેચાણી છે;
દેવને ચઢી તે માળા દેવ સાથે પૂજાણી ને,
ગણીકાએ પ્હેરી તે પથારીમાં ચુંથાણી છે. ૨

કવિ જ્યોર્જ હરબર્ટની માતા પોતાના પુત્રને વારંવાર કહેતી કે જેવી રીતે આપણા શરીરને આપણે જે પદાર્થ ખાઈએ છીએ તે પદાર્થના રસના ગુણ પ્રમાણે પુષ્ટી મળે છે, તેવી રીતે આપણે જેવી સારી અથવા માઠી મંડળીનું ઉદાહરણું લઇએ છીએ અથવા તેની સાથે સંભાષણ કરી-

એ છીએ, તેવી મંડળીના જેવા સદ્ગુણ અથવા દુર્ગુણ પણ આપણા અંતઃકરણમાં અનાયાસે પ્રવેશ કરેછે."

જ્યોર્જ હર્બર્ટ કહેછે કે--Keep good company and you shall be of the number

"સારી મંડળીની સંગત રાખો અને તમે પણ તે મંડળી માંહેલા ગણાશો." ફિલસુફ સેન્ટબીવ કહેતો કે "તમે મને કહો કે તમને કેવા મિત્ર પસંદ છે? તો હું તરત તમને કહું કે તમે પોતે કેવા છો, અને તમારી ચાલ ચલણ, તમારા શોખ અને તમારા ગુણ કેવા છે; તમે નીચ માણસને પસંદ કરોછો ? ત્યારે તો તમે નીચ ગુણના છો; તમે પૈસાદારને ચાહો છો? ત્યારે તો તમે આ જગતની મિથ્યા માયાનો શોખ રાખો છો. તમને મોટી પદવી અને ખેતાબવાળા પુરૂષો ગમે છે ? ત્યારે તો તમે ખુશામતિઆ અને નિંદાખોર છો. તમે પ્રમાણિક, બહાદૂર ને હિંમતવાનને ચાહોછો? ત્યારે હું કહુંછું કે તમે પણ તેવાજ છો."

અજાણ્યા આદમીને તમારા વિષે તૂલના કરવાનો આધાર, તમારા મિત્રો છે. તમારી ચાલ ચલણની ખાતરી કરવા અજાણ્યો આદમી પૂછશે કે, તમારા મિત્રો કોણ કોણ છે ? પૂછતાં જો તેને માલૂમ પડશે કે, તમારા મિત્રો સદ્ગુણી, હિંમતવાન ને પ્રમાણિક છે, તો તેઓ તમને તે પંક્તિમાં મૂકશે. પણ જો તેને એમ જણાશે કે, તમારા સ્નેહીઓ અણઘડ, બેવકૂફ અને દુરાચારી છે, તો બસ. ઘણું કરીને બીજી વધારે તપાસ કરવાનો પોતાનો વિચાર

તે પછી માંડી વાળશે. કારણ કે તમારી નાલાયકી બાબત તમારા મિત્રોની ગેરવર્ત્તણુક તેના અંતઃકરણની અદાલતમાં મજબૂત શાક્ષી પૂરશે.

આ દુનીઆમાં ચોરે ચોરને, જૂગઠીએ જૂગઠીઆને, સાચે સાચાને, જૂઠે જૂઠાને, અફીણીએ અફીણીઆને, દારૂડીએ દારૂડીઆને, કંજૂસે કંજૂસને, ઠગે ઠગને, અને દાતારે દાતારને, સ્વલ્પ સમયમાં સ્નેહ બંધાય છે. "**જેસાને તેસા**" મળવાથી તેઓ એક રૂપ થઈ જાય છે. સદ્‌ગુણીની સંગતથી સદ્‌ગુણ, અને દુર્ગુણીની સોબતથી દુર્ગુણ દુનીઆમાં સદૈવ વૃદ્ધિ પામે છે. તે વિષે કહ્યું છે કે—

છપા.

કરે નીચનો સંગ, નીચની બુદ્ધિ આવે,
કરે નીચનો સંગ, સકળ સદ્‌ગુણો ગમાવે;
કરે નીચનો સંગ, નીચની ભાષા ભાખે,
કરે. નીચનો સંગ, નીચની રીતી રાખે;
વળી નીચ કામ નીચાં કરે, નિચ કહેવાયે ઉંચ જન,
શામળ કહે સંગત નીચની, કોય ન કરશો કોય દન.
પંડિત પંડિત પ્રીત, મૂરખને મૂરખ વહાલા,
રૂડો રૂડી રીત, ચતુર ચતુરાઇ ત્યાં ચાલ્યા;
સુમને વહાલો સૂમ, વહાલ દાતાને દાતા,
જારને વહાલો જાર, ગુણીજનને ગુણ જ્ઞાતા;
શૂરાને વહાલા શૂર નર, કાયરને કાયર ગમે;
જશવંત ગમે જશવંતને, શામળ કહે સદા સમે.

મળે ઉંચને ઉંચ, મળે ભંગીને ભંગી,
મળે નીચને નીચ, મળે રાગીને રંગી;
મળે ભગતને ભગત, મળે પાપીને પાપી,
મળે જ્ઞાનિને જ્ઞાનિ, મળે જાપક ને જાપી;
વળિ વ્યસનીને વ્યસની મળે, મળતે મળતા ગુણ મળે,
જયમ લવણુ મળેછે તક્રમાં, શાગળ પય સાકર મળે.

લોકો તમારી સોબતપર મુખ્ય ધ્યાન આપે છે તેનું કારણ એછે કે, મનુષ્ય એ એક અનુકારી પ્રાણી છે, એટલે તે પોતાના દોસ્તમાં જે ચાલ જુએ તે ઘણું કરીને વગર ઢીલે પોતાના મગજમાં ઉતારી, તેને અનુસરીને વર્ત્તે છે. આ પ્રમાણે તમારી યુવાવસ્થામાં ઘણીવાર બનેછે.

એ સઘળાનો સાર એ કે દુર્ગુણી માણસથી સદા દૂર નાસવું. તમે તેને તમારો મિત્ર કહો છો, પણ તે તમારો મિત્ર થતો નથી. તેનાથી તમારૂં કલ્યાણને બદલે અકલ્યાણ થાય છે. તે સુખમાં સહાયભુત માત્ર જણાય છે, પણ દુ:ખમાં દૂર ખશી જાયછે. માટે દુષ્ટ. દુર્ગુણી માણસને મહા ઝેરી સર્પ સરખો માની તેની સમીપ ન જતાં તેનાથી ડરી ડરીને ડગલાં ભરો. એમ છતાં જો નાલાયક માણસ આવી મળે તો ધીમે રહીને તેનાથી છૂટું પડી જવું.

ફ્રેન્ચ કવિ ચાર્લ્સ બોડલેર હમેશ એકની એક ટોપી પહેરતો હતો, તે લાગટ ઘણા વર્ષો સુધી તેનીતેજ વાપરવાથી ઘણીજ કંગાળ દેખાતી હતી. તેનો એક દોસ્ત આ ટોપીના બેડોળપણા ઉપર વારંવાર તેનું ધ્યાન ખેંચતો

હતો. પણ બોડલેર તેની જરાએ દરકાર કરતો નહોતો. તેની આ નામાંકિત ટોપીથી રસ્તામાં સઘળા લોકોની નજર તેનાપર ખેંચાતી હતી. અને તેથી તેના આ મિત્રને શરમ લાગ્યાથી અંતે તેણે એક દિવસે તો બોડલેરને એવી ધમકી આપી કે જો તું પોતાની ટોપી બદલશે નહીં તો હું ફરીથી તારી જોડે બહાર ફરીશ નહીં. આ ઉપરથી બોડલેરે હિંમતથી જવાબ આપ્યો. કે "એ ટોપી હું કદી પણ બદલનાર નથી." તેના મિત્રે તેનું કારણ પૂછવાથી તેણે જણાવ્યું કે "એ ટોપી જૂઠા દોસ્તોને હાંકી કહાડેછે." એની મતલબ એકે બોડલેરનો આ મિત્ર, માત્ર નામનોજ મિત્ર હતો. અને તેથી તેને પોતાથી દૂર કરવાને માટે તેણે તેને નહીં ગમતી ચીજ પકડી રાખી હતી.

" દિવસની મધ્યાન પૂર્વની છાયા આરંભમાં ઘણી લાંબી હોયછે, તે પછી તે ઘટતી જાયછે. તથા મધ્યાન્હોત્તરની છાયા પ્રથમ ન્હાની જણાયછે, ને પછી અતિ વધી જાયછે. તે પ્રમાણે ખળ તથા સજ્જનની મિત્રતા છે."

એક વિદેશી વિદ્વાન કહેછે કે—" નાલાયક દોસ્ત આવી મળે ત્યારે તેની મુલાકાતે થોડું જવું, બહુ છૂટથી વાતચીત કરવી નહીં, તથા તેને વિશેષ આદરમાન આપવું નહીં. તે જો પૈસાદાર હોય તો થોડા પૈસા ઉચ્છીના માગવા. પણ આપણે જો પૈસાદાર, અને તે જો ગરીબ હોયતો થોડા પૈસા ધીરવા, એટલે ઘણું કરીને પીડા પતી જશે."

મિત્રાઈ ભંગ કરનારા મુખ્ય ચાર કારણો કહેવાયછે

તે આ-પૈસા, સ્ત્રી, કાચા કાન, અને કડવાં વચન.

પૈસાથી દોસ્તીમાં કેમ ખલલ પડેછે, એ આપણે સમજીએ છીએ. એ વાતથી અજાણ માણસ ભાગ્યેજ મળશે. નાણું ઝેર કરાવે છે, નાણું વેર કરાવેછે, નાણું ફેર કરાવે છે, તેમજ નાણું ઠેર પણ કરાવેછે. નાણું નખેદ ગણાય છે! પ્રતિપક્ષ જોઇએ તો નાણું લ્હેર કરાવેછે, નાણું સ્નેહ સંધાવેછે, અને નાણું ઉત્તમ પ્રકારનું સુખ સંપડાવેછે. અર્થાત્ નાણું સુખદાયિ તેમ દુઃખદાયિ પણછે.

નાણાનાં પાપથી કેટલા બધા જાની મિત્રો હમેશને માટે જૂદા પડયા છે! નાણાના પાપથી ઘણા મેળાપી જીવડાઓના મેળાપના કવખતે કાચી વયમાં કારી મોત થયાં છે! લાલચ એ ઘણી વાર દુઃખપ્રદ છે. લોભ એ પાપનો બાપ કહેવાય છે, તેમાં તલભાર પણ ખોટું નથી.

કાચાકાન—જેઓની વચ્ચે પ્રીતિ પોતાની પૂર્ણ ગજાગૂતીએ પહોંચી છે, એવાને માટે તો બહુધા નહીં પણ જેઓની વચ્ચે પ્રીતિનું ઝરણ વહેવા માંડયું હોય, તેવા મિત્રો પરસ્પર મળી આનંદ કરતા હોય, તે 'કેટલાક દૂષીઓથી ખમાતું નથી તેથી, અને કેટલાક ખટપટ અજમાવી જોવાના ઇરાદાથી એક બીજાને પોતાના ભાઈબંધ વિષે હલકો વિચાર બંધાય, અથવા તેઓને વિષે કાંઇ શક આવે તેમ આડી અવળી વાત સમજાવી, કજીઓ કે કુસંપ, કરવાનો નીચ ઘાટ ઘડેછે. હવે જો આ બન્ને મિત્રમાંથી એક પણ કાચા કાનનો હોય તો એ અદેખાઓ પોતાંની નીચ

ધારણામાં ફાવી જાયછે. આવે વખતે, ઘટિત છે કે કોઇએ આપણા મિત્ર વિષે શક લાવવા જેવી વાત કહી હોય તે મનમાં ન ધુંધવતાં તે વિષે તપાસ કરવી. બને તો એ મિત્રનેજ વાત પૂછી ખુલાસો મેળવવો. બીજાઓની વાતપર એકદમ વિશ્વાસ લાવવો નહીં. અદેખા લોકોની વાત, વગર વિચારે એકદમ ખરી માની લેવાથી ઘણી ખરાબી થાયછે.

મશ્કરીનું પરિણામ માઠું છે. ઘણી મશ્કરી મિત્રાઇને કડવી ઝેર કરી નાખેછે. ઘણા ગમાર માણસો એવા હોયછે કે તેઓ મિત્રાઇનું સુખ મશ્કરીજ સમજે છે. A bitter jest is the poison of friendship "કડવી મશ્કરી એ દોસ્તીનું ઝેર છે," એ વિષે એક વાત નીચે લખેલી છે.

એક વખતે પાંચ મૂરખ મિત્રો મદ્યપાન કરવાને એક વીશીમાં ભેગા મળ્યા. પણ ત્યાંનો મદિરા તેમને પસંદ નહીં પડવાથી તેઓમાંનો એક બોલ્યો કે, યારો, મારે ત્યાં ખૂબ મજેનો દારૂ પડ્યો છે. જો કહો તો લઇ આવું. સર્વે મિત્રોએ તેની માગણી કબૂલ રાખી, તેથી તે ઘેર લેવા ગયો. પછવાડેથી બાકીના ચારે જણે વિચાર કીધો કે, દારૂ લેવા જનાર મિત્ર બીકણછે, તથા રાત પણ અંધારી છે, તેથી આપણે તેને બીવરાવવા તદબીર કરીએ તો ઠીક મજે પડે! તેથી તેમાંથી એક જણ માથામાં શિંગડાં ખોશી, હેવાન બની, તેના રસ્તાપર જઈને ઉભો રહ્યો. પેલો મિત્ર જેવો દારૂ લઇ આવતો હતો તેવામાં તે તેને બાઝી પડ્યો. દારૂવાળા મિત્રને આ બેવકૂફીની કશી ખબર કે ખ્યાલ

નહીં, તેથી તે પોતાની પાસેની સમશેરના એકજ સપાટાથી આ મૂરખને પેલી દુનીઆ તરફ પધરાવી દઈ વાંશીમાં ગયો. ત્યાં બાકીના ત્રણ મિત્રોએ તેને પૂછ્યું કે રસ્તામાં કાંઇ તર તોફાન નડ્યું કે નહીં ? તેપરથી તેણે સઘળો ખુલાસો કરવાથી તેઓનાં મોઢાં કાળાં ધબ સરખાં થઇ ગયાં. ખુશમશ્કરીને વર્જો હદ બહાર જાય તેની આ વલે થાય.

કેટલાક માણસો ઘણીવાર સહેજસાજ કારણને માટે ક્રોધાવેશમાં મિત્રની તરફ કડવાં વચન બોલી જાયછે, તેથી દોસ્તીમાં ઝેર થાયછે. જીભનો જખમ સમશેરના જખમ કરતાં સો ગણો કારી છે. તે રૂઝાવો પણ મુશ્કેલ થઈ પડેછે, માટે ઠપકા અને મશ્કરીને વખતે ઘણી સંભાળ રાખવી. તમારા મિત્રોને ખીજવવા "**એમ કેમ કીધું ?**" "**તેમ શા વાસ્તે કીધું ?**" એવા પ્રશ્ન પૂછીને તેમનું દિલ ના દુખાવો. ગુસ્સો આવે તો તદબીરથી શાંત પાડો. માણસ ભૂલ કરવાને પાત્ર છે. શું આપણે ચૂક નથી કરતા ? એમ સમજી વિચારીને શમતા રાખવી. મન મારવું. અને મિત્ર પાસે કટુ વેણ વદવાં નહીં, કે તેની મશ્કરી કરવી નહીં. હલકી મશ્કરીમાં ઘણીવાર હસતાનું ખસ્તું થઇ જાયછે. સામા માણસનો સ્વભાવ જોવો. અને સભ્યતાથી કામ લેવું. તોછડાઇ બતાવવી નહીં.

સ્નેહ થયા પછી ઘણીજ સંભાળ રાખવાની છે. નહીંતર તેમાંથી એક બીજાને લાભ મળવાની આશા રાખી

હોયછે, તે આશા હવાઇ બનેછે. ઘણી વાર એમ બનેલું આપણા જોવામાં આવેછે કે જેઓ પરમ પ્રિય મિત્ર કહેવાતા, જેઓની કાયા જૂદી, પણ જીવ એકજ ગણાતો, અને દહાડામાં દસવાર એક બીજાની ખબર અંતર કઢાવતા, તેઓ કાંઈ સેહેજસાજ કારણથી એક બીજાના કટ્ટા દુશ્મન થઈ પડી, દાવ રાખી, નાહક પોતાના આગલા દોસ્તનું બૂરૂં કરવા દુષ્ટ યોજના અજમાવી બહાદુરી બતાવેછે! પણ એ ઘણું ધિક્કારવા લાયક છે. કારણ કે જેની સાથે બેઠા ઉઠ્યા, હસ્યા બોલ્યા, ખાધું પીધું, સુખ દુઃખની વાતો કરી, વખતે મદદ લીધી અને આપી, એક બીજાના ગુણ ગાયા તેજ જીભે, સામાની સેહેજ સાજ ચૂકથી દ્વેષ રાખી, પાનને બદલે કોયલા ચાવવા, અને તેનું બૂરૂં કરવામાં લિન થવું ઘટતું નથી.

ભુજંગી.

કરો મિત્રતા તે નહીં કામ મોટું,
હરો ને ફરો સાથ તે છેક છોટું;
કહું ધન્ય જો અંત સૂધી બચાવો,
કરો નેહ તો નેહ નિત્યે નિભાવો.

મિત્રતા, સગપણ, નોકરી અને સઘળી જાતના સંબંધના પરિચયથી ઉત્પન્ન થતો કંટાળો, અણગમો અને તિરસ્કાર એ માણસ જાત ઉપર એક બટ્ટો છે. આ દુનીઆમાં એક માણસને બીજાઓની સાથે અનેક તરેહના સંબંધ હોય છે, અને આ બધાં સંબંધીઓથી કામ પાડવા છ-

તાં તે તેમાંનાં બધાને રાજી રાખી શકે એતો અશક્ય લાગે છે. એમ છતાં વધારે સંપથી રહેવાની કોઇ રીતો છેકે નહીં, તેની તપાસ કરવી એ નકામું નહીં ગણાય.

કપાળે કપાળે જૂદી ગતિ હોય છે. બધા માણસો એકજ વિચારના હોતા નથી. એ જાણવું એ દુનીઆમાં પ્રથમ અગત્યની બાબત છે. કેટલાંક માણસો આ જાણેછે. પણ તે આખી દુનીઆના સંબંધમાંજ તેઓ જાણે છે કે બધી દુનીઆં તેમની સાથે એક મળતી થઈ શકે નહીં, પણ તેઓ જે લોકની સાથે વસે છે, તેઓ તેનાથી જૂદા વિચારનાં કેમ હોય તે તેમને સમજાતું નથી. મતભેદ એ તેમને દુ:ખદાયક લાગેછે. તેઓ જાણતા નથી કે સદ્ગુણ અને ડાહપણની અનેક જાત છે.

બીજાઓ સાથે સલાહ સંપથી રહેવાની રીતો ઉપર લખેલી બાબતના જ્ઞાનના પરિણામ રૂપ છે. દ્રષ્ટાંત તરીકે, ગેરવાજબીપણે બીજાઓની વચ્ચે માથું નહીં મારવું. તેમની રૂચીઓ આપણાથી જૂદી હોય તોપણ તેમની હાંસી નહીં કરવી, તેઓના મત અને ઠરાવો બાબત વારંવાર પરપૂછ નહીં કરવી, તેઓની ચાલચલણ ઉપર ટીકા નહીં કરવી, તેઓની વૃત્તિઓ આપણાથી જૂદી હોય તો પણ તેમના ઉપર ગુસ્સે નહીં થવું—એ તેઓ, એ આપણે નથી, એ ભિન્નતાના જ્ઞાન ઉપર આધાર રાખે છે.

જ્યારે કોઈ લોકો સાથે રહે છે ત્યારે વિચારની અથવા બીજી ભિન્નતાથી તેઓ વચ્ચે કાંઈ તકરારી બાબતો

ઉત્પન્ન થાય છે. આવી બાબતો ઉપર તેઓ ઘણીખરી વાર મમત અથવા ગમતને ખાતર અને કોઇકવાર ખરૂં શું છે તે જાણવા સારૂ તકરાર ચલાવે છે. તકરારની રસાકસીમાં શું બોલાય છે તેનું ભાન રહેતું નથી અને તેથી કરીને કડવા શબ્દોથી, અથવા તો હારી જવાથી જે ભેદ થાય છે તેથી બન્નેની વચ્ચે બેદિલી અને વખતે અણબનાવ થાય છે. જેઓ સાથે રહેલા હોય તેમણે વાજબી ગેરવાજબીને ઝાઝું વળગી રહેવું નહીં, તેમજ તકરારી બાબતોની દલીલોથી સમજુતી લાવવાની કોશિશ કરવી નહીં. દરેક બાજુ ઉપર અને દરેક બાજુની સામે કહેવાનું એટલું બધું હોયછે કે સત્ય શું છે એ જાણવું મુસ્કેલ થઇ પડે છે. અને એ માલમ પડે તે પહેલાં તો ઘણીવાર કજીઆનાં બી રોપાય છે.

જો તમે મળતાવડા દોસ્ત તરીકે ઓળખાવાને ખુશી હો તો જે લોકો સાથે તમે રહેતા હો, તેમની ચાલ, તેમનાં કામ, અથવા તેમના ગુણદોષ ઉપર ટીકા કરવાથી દૂર રહેજો. હાલના વખતમાં પોતાની મેળે ન્યાયાધિશ થયેલાની સંખ્યા કાંઇ જેવી તેવી નથી. જે માણસ બીજાની ચાલ ઉપર વારંવાર ટીકા કરેછે તેની સાથે રહેવું એ ઘણું દુઃખ દાયક લાગેછે. ટીકા જો વાજબી હોય તો પણ શું? તેથી સામા ધણીનું માન ભંગ—અને મન ભંગ થયાવિના રહેતું નથી. પણ ઘણી વખત ટીકા વાજબી હોવાનો સંભવજ થોડો હોયછે, કારણ આ સ્વકૃત ન્યાયાધીશો પોતાની નામ

રાશની માફક પ્રથમ.તો જે માણસ ઉપર તેઓ ટીકા ચ-
લાવેછે તેમને અપરાધીજ ગણી લેછે. કેટલાકને પાછળથી
ટીકા ચલાવવાની ટેવ હોય છે. કોઇ કામ થઈ જાય અને
તેનું પરિણામ મન માનતું ન આવે અથવા દુ:ખદાયક થાય
તો આ સર્વજ્ઞ સાહેબો તે ધણીને દુખતા ઉપર ડામ દે-
વાને "મારી શીખામણ માની હોત" "મને પૂછ્યું હોત તો
કદી આમ થાતજ નહીં " વગેરે અહંપદનાં વાક્યો બોલે
છે, પણ તેથી સામાને કેટલું દુ:ખ થાયછે તેનો તો ખ્યા-
લજ કરતા નથી.

માયાળુપણે રહેવાની બીજી રીત એ છે કે સુપરિ-
ચય મિત્રો સાથે પણ વાત કરતાં સભ્યતા વિસારી મૂ-
કવી નહીં. સેહેજ ઓળખાણવાળા માણસના સંબંધમાં જે
વાત આપણે તેને મોઢે કહેતાં આંચકો ખાઈએ, તેવી વાત
મિત્રોને મોઢે કહેવાની ધણાખરાને ટેવ હોયછે. ધણીખરી
વખત સરખી વયના મિત્રો ભેગા થાયછે ત્યારે અરસ્પરસ
મશ્કરી કરવાની અને કોઇ વખત કાંઈ અડપલું કરવાની
પણ ધણાકને ટેવ હોય છે. આમ કાંઈ સામા૰ માણસને
દુ:ખી કરવા સારૂ કરવામાં આવતું નથી, ફક્ત થોડીવારની
મજાહ મેળવવા સારૂજ કરવામાં આવેછે. માણસનો સ્વ-
ભાવજ એવોછે કે તે બીજાને ખર્ચે થતી મજાહને ચાહેછે,
પણ એનું પરિણામ શું થશે એ વિચાર તો થોડાજ લાવે
છે. કોઈ વખતે તેથી સામા ધણીને એટલું લાગી આવેછે
કે તેની અને મશ્કરી કરનારની વચ્ચે અંતરાયની ગાંઠ પડી

જાયછે. આપણા સાથી અથવા દોસ્ત સાથે વધારે ખુલ્લી રીતે બોલીએ તેની હરકત નહીં, પણ અસભ્યતાથી તો બોલવુંજ નહીં; આપણે જ્યાં સભ્યતાને નકામી ગણીએ છીએ, ત્યાં તે જેટલી કામની છે, તેટલી બીજે કોઈજ ઠેકાણે ઉપયોગી હશે.

જ્યારે કોઈ માણુસ કોઇ મંડળીમાં દાખલ થાય અ-થવા બીજા કોઈને પોતાની મંડળીમાં દાખલ કરે, ત્યારે તેણે નવા ધણી પાસે પોતાના મિત્રોની વાત કરતાં બહુ સાવધ રહેવું.

અતિ મિત્રાચારીથી તેમની જે છૂપી વાતો તેના જા-ણવામાં આવી હોય, તે વાતના રસમાં કહેવાઇ જવાય નહીં તેની તેણે ખૂબ સંભાળ રાખવી. આપણે આવી બે-દરકારી ઘણી જોઇએછીએ, અને તે એટલે સુધી કે ફલા-ણા માણુસમાં શું ખામીઓ છે, અથવા તેની ઘર સંસાર સંબંધી-ખાનગી સ્થિતિ અને ચાલ કેવી છે તે જાણવાને-જો તમે તેના અતિ સ્નેહી મિત્રોને ઓળખતા હશો, તો તમારે તેના લિખિત જીવન ચરિત્ર માટે ખોટી થવું નહીં પડે. બેર સંભાળ સિવાય કોઇ બીજા કારણથી એમ કર-વામાં આવે તો તે એક મોટો ગુન્હો કહેવાય, અને બેર-સંભાળથી એમ થાય તોપણ તે થોડું દોષિત નથી. ઉપલા બે પારીગ્રાફમાં લખેલાં કારણોથી, અતિ સ્નેહી મિત્રો હ-મેશને માટે વિખુટા પડવાના દાખલા આંગળીને ટેરવે ગ-

ણાય એટલા નહીં, પણ ક્રોડીબંધ છે.

અમે અમારા સાથીઓનું મન સંપૂર્ણ રીતે જાણીએ છીએ એવો ફાંકો રાખવો નહીં. માણસનું મન તો અગમ્ય છે. ફલાણા વિષયમાં અથવા આપણા વિષે આપણા મિત્રોના વિચાર આવાછે એમ ધારીને ફલાણી બાબતમાં આપણા મિત્રે આપણને આટલી મદદ કરવી જોઇએજ, એવું અનુમાન કરતાં આપણે ઘણાને જોઈએ છીએ. પણ તે-માંના કેટલાએક ઉપર લખેલા કારણસર નાઉમેદ થાય છે. લાંબા પરિચયથી આપણા સાથીઓના ઉપર ઉપરના વિચાર તથા તેને લગતી મોટી મોટી બાબતો વિષે માહિ-તગારી મળે, પણ તેનાથી સંપૂર્ણ રીતે વાકેફ થવું એતો કાંઈક અશક્ય જેવું છે. હરકોઇ બાબતમાં મિત્રો પાસેથી હદની બહાર માગણીઓ કરવી નહીં. મિત્રોમાં અરસપરસ તારી મારી કરવી નહી; અને કડવાં વચન મૂખમાંથી કા-ઢવાં નહીં; જ્યારે એવાં વચનો કહેવામાં આવે છે ત્યારે કહેવાનું પૂરૂં થાય તે પહેલાં તો તેનો જવાબ મળે છે અને તેથી કહેવાનું શું છે તે અથવા તેનો ભાવાર્થ જણાયા પહેલાં તો વાત વધી જાય છે.

કોઇ માણસને લાભ થામ એવું કાંઇ કરીએ, અથવા તેની હાએ હા ભણીએ તેથી તે જેટલું ખુશી થાય તેના કરતાં વધારે ખુશી તો તેનું મન કદી નહીં દૂખવવાથી થાયછે. માટે કોઈનું પણ મન કચવાય નહીં તેવી રીતે

આપણે વર્તવું.

છેવટમાં, ખરાબ સ્વભાવનો માણસ પણ જો ઉપર લખેલી બાબતો લક્ષમાં રાખીને વર્ત્તે તો સોબત–યોગ્ય માણુસ થઇ પડશે. ખરાબ સ્વભાવથી જેટલા કજીઆ થાય છે તેના કરતાં વધારે કજીઆ અપ્રીતિ, કુરીતિ અને અરસ્પરસની બીન વાકેફગારીથી થાય છે. ખરાબ સ્વભાવથી આપણા હાથ નિચેનાને જેટલું નુકશાન થાયછે તેનું અર્ધ પણ આપણા બરાબરીઆને ભાગ્યેજ કરી શકાય. માટે આશા છે કે વાચક–જનો ઉપર લખેલી રીતો પ્રમાણે ચાલી, મિત્ર મંડળમાં સુખવૃદ્ધિ કરવાને પ્રયત્ન કરશે.

"**अतिसर्वत्र वर्जयेत्**" એ મુજબ ઘણી મિત્રાઈમાં વખતે નજીવા કારણથી વિરોદ્ધનાં પગલાં સંભળાયછે. ભોજન કરવું એ સુખદ, પણ અતિ ભોજન કરવું એ દુઃખદ છે. ઉદ્યોગ કરવો એ શરીરને આરોગ્ય કર્ત્તા, પણ અત્યુદ્યોગ કાયાને ક્ષિણ કર્ત્તાછે. "**अतिस्नेहःपापशंकी**" એટલે જ્યાં ઘણો સ્નેહ ત્યાં નઠારી વાતની શંકા આવ્યા વિના રહે નહીં. મિત્રાઇની ગાંઠ બાંધતાં પહેલાં લાંબો વિચાર કરવો, ને લાયક જણાયા પછી થયેલી દોસ્તી નજ તોડવી એ અમને ઉચિત લાગેછે. પ્રીતિનો રંગ પાક્કો જોઇએ. "A friend is not so soon got as lost." દોસ્તદાર જેટલી ઝડપથી જાયછે તેટલી ઝડપથી બીજા પાછા મળતા નથી, માટે સંકટ પડતાં છતાં અને અનેક પ્રકારના અનુરોધ છતાં થયેલા સ્નેહને અવસ્ય નિભાવવો એ

ઉત્તમ માર્ગ છે.

સોરઠો.

સર્વ વચન સચવાય, ત્યાં સુધી પ્રીતી ટકે,
ચૂક પડયે ચૂંથાય, કાચિ પ્રીતની રીત એ.

આ સંસાર એવો છે કે સર્વ વચન પાળવાં એ મહા દુષ્કર છે. અમે જાણીએ છીએ કે એવો કોઇ મિત્ર નહીં હોય કે જેણે પોતાના સ્નેહીના સર્વ વચન પ્રેમથી પાળ્યાં હશે. કારણ કે મનુષ્યના વિચારમાં ભિન્નતા રહેલી છે, તેથી કોઇ કોઇ વિષયમાં ઐક્ય થતું નથી. મત ભેદ દુનીઆમાં હમેશ ચાલ્યાજ કરેછે. માટે ઘડિકમાં પ્રીતિ અને ઘડિકમાં અબોલડાં એ કાચી પ્રીતિ કે બાળકની રીતિ છે. સઘળાં વચન સદૈવ કયાંથી સચવાય ? મોટાં મન વિના મૈત્રી મજબૂત કે દીર્ઘાયુષી થઇ શકતી નથીજ.

દોસ્તને ઉછીના પૈસા આપવા કે નહીં તે વિષે ઉભય મતછે. એક એમ કહેછે કે નાણું ઝેર કરાવે છે, માટે દોસ્તને બીજી સર્વ વાતે સહાય કરવી, શકિત મુજબ બક્ષીસ આપવું હોય તો આપવું, પણ નાણાંની ધીરધાર તો નહીં કરવી. કારણ કે પાછા લેવા જતાં વખતે વાંધો પડેછે, અથવા શરમે મંગાતા નથી. બીજો એમ ધારેછે કે—

"જે ટાળેછે તંગી, તેજ આપણો સંગી." આપણા મિત્રને પૈસાની જરૂર પડી, ત્યારે તે આપણને મૂકીને બીજે કયાં લેવા જાય ? આપણો મિત્ર છતાં આપણે તેને ન આપીએ ત્યારે તેને બીજો કોણ આપે ? તેના

પ્રમાણુકપણુા તરફ આપણે શકની નજરથી જોઇએ, ત્યારે બીજા કેમ ન જુએ? મતલબ એં કે મિત્રની તંગી બનતા સુધી આપણે પોતેજ ટાળવી જોઈએ. પહેલાના મત ઉપરથી સાબિત થાયછે કે, તેમની દોસ્તીનો પાયો કાચો છે, તેમની દોસ્તી અંતરની નહીં પણ ઉપર ઉપરની છે, અથવા તેમને પોતાના મિત્રનો વિશ્વાસ નથી, કે તેઓ ફક્ત સ્વાર્થ સુધીજ સગાઈ રાખે એવા ઉપર ટપકેના એકલપેટા માત્ર નામનાજ મિત્રો છે. નાણાં લેનારે બનતા સુધી લીધેલી રકમ જેની તેને વેળાસર ભરી આપવી જોઇએ, પણ દોસ્તને પૈસા કદી નજ ધીરવા, એ વિચારને અમે મળતા થતા નથીજ, એટલુંજ નહીં પણ અમે તેને ધિક્કારી કહાડીએ છીએ.

પ્લીની નામે ઉદાર પંડિતે પોતાના એક મિત્રને કરજની ખાડીમાં ડૂબતો જોયાથી તેનો સઘળો વહીવટ પોતે તપાસી, તેના તમામ લેણદારોને બોલાવી, મિત્રનું કરજ ફીટાડી, પોતે પોતાના મિત્રનો માત્ર એકલોજ લેણદાર થયો. હવે વાત એવી બની કે પ્લીનીનું દેણું પતવ્યા અવલ પેલો મિત્ર મરણ પામ્યો. પછી તે કરજદાર મિત્રની શાણી પુત્રીએ પ્લીની પાસે આવીને વિનંતિ કીધી કે— "આપના લેણા બદલ મારા બાપની જે કાંઈ માલ મિલ્કત છે, તે આપને સ્વાધિન કરો." પણ આ ઉદાર મિત્રે તે માગણી ઉપકાર સાથે ના કબૂલ કીધી, અને તે પુત્રી પરણી ત્યારે ઉલટી એક નાણાની મોટી રકમ પહેરામણીમાં આપી! ધ-

ન્ય છે પ્લીની, તારી સખાવત, અને સાચી પ્રીતિને!

ફ્રાન્સના એક અમીરને એક મિત્ર હતો, જે મોટું દેવું મૂકીને મરણ પામ્યો હતો. એ મિત્રને બે નાનાં છોકરાં હતાં, જેઓ પોતાના પિતાના મરણથી તથા તેના કરજથી ઘણી કંગાળ હાલતમાં આવી પડયાં. પેલા અમીરને આ વાતની ખબર પડી એટલે તે પોતાના બંગલા અને નોકર ચાકર છોડી દેઇને એક સાધારણ ઘરમાં રહેવા ગયો. એ અમીર આજ સુધી ઘણીજ સાહેબી અને મોજમજાહ ભોગવતો હતો, તેને આમ એકદમ કરકસર કરતો જોઇ લોકો તેને વિષે તરેહવાર રીતે વિચાર આપવા મંડી ગયા. એક કહે–તે કંજુસ બન્યોછે. બીજો કહે એને કાંઇ વેપારમાં છૂપી મહાભારત ખોટ આવી હશે; તો ત્રીજો કહે એના મગજમાં અચાનક કાંઇ ફેરફાર થઈ ગયો હશે. એમ જેને જેમ ગમે તેમ તે બોલવા લાગ્યા. બે વર્ષ સુધી દુનિયાએ તેને ઘણાં ખરાબ વિશેષણ એક પછી એક લગાડયાં. પણ તે મુદ્દત પુરી થયા પછી તે અમીર અગાઉની પેઠે પાછો ઠાઠમાઠથી રહેવા લાગ્યો. બે વર્ષ સુધી ઘણી કરકસર કરી તેણે ૨૦ હજાર રૂપિઆ બચાવ્યા. તે રૂપિઆથી પોતાના મરનાર મિત્રનું સઘળું દેવું ફીટાડયું, અને પછી તેના છોકરાંને પોતાને ઘેર રાખી ઉછેર્યાં.

તેવોજ બીજો એક દાખલો ગ્રીસમાં આવેલા કોરીંથ શેહેરમાં બનેલો આ સ્થળે પ્રગટ કરીએ છીએ. એડામીટ્રસ નામનો એક ઘણોજ કંગાળ માણસ મરણની પથા-

રીપર પડેલો હતો. તેનો જીવ જવાને ઝાઝી વાર નહોતી. તેને મરતો જોઈ તેની મા અને એકની એક દીકરી ઘણાં શોકાતુર બન્યાં કે હવે આપણી કેવી બૂરી અવસ્થા થશે ? અને પાંચ પૈસા પેદા કરીને આપણું પાલણપોષણ હવે કોણ કરશે? પણ એડામીટ્રસ તરફ જુઓ તો તેના મનમાં આવી ફિકર જણાતી નહોતી. તે પોતાની શાંતિમાં હતો. શાંતિમાં હતો તેનું એક સબળ કારણ હતું. સુભાગ્યે તેને બે સુમિત્રો મળેલા હતા. એ મિત્રોપર તેને અતિશય આસ્થા હતી. પોતાના મરણ પછી પોતાના ઘરની સંભાળ એ પરમ મિત્રો રાખશેજ એવી તેના અંતઃકરણમાં ખાતરી હોવાથી અંતની વખતે તેણે પોતાનું છેલ્લું વશિયતનામું મંગાવીને તેમાં નીચે મુજબ લખાવી તે નીચે પોતાની સહી કીધી.

“મારી માની બરદાશ ચાકરી ઉઠાવવાનું કામ મારા મિત્ર એરીટીઅલને વારસામાં આપી જઉંછું, અને મારી પુત્રીને ઉછેરી મોટી કરી પછી તેને સારી પેહેરામણી સાથે પરણાવવાનું કામ મારા બીજા મિત્ર કેરીસેનેસને વારસામાં આપુંછું.” આ વાતની ખબર જ્યારે લોકોને પડી ત્યારે તેઓ પેટ પકડીને હસવા લાગ્યા, પણ તેમાં તો ઉલટું તેમનુંજ હાસ્ય થયું. કારણ કે તે વશિયતનામામાં જણાવેલા બે મિત્રોને પોતાને મળેલા વારસાની ખબર પડતાંજ તેઓ મરનાર મિત્રની માને તથા દીકરીને પોતાને ઘેર તેડી ગયા, અને વશિયતનામામાં પોતાના મિ-

ત્રે કરેલી આજ્ઞા તેઓએ એવી તો ઉલટથી પાળી કે તે વખતની પ્રજામાં આખા દેશમાં તેમની વાહવાહ થઇ રહી હતી. આ વાત વાંચીને અમારા વાંચનારાઓ પણ એવા લાયક મિત્રોને ધન્યવાદ આપવામાં અમારી સાથે સામેલ થશેજ.

મનહર.

નારીની નિરીક્ષા થાય નિર્ધન દશામાં નિત્ય,
સારી કે નઠારી તે જરૂર ત્યારે જાણીએ;
વિદેશમાં થાય વિદવાનની વિદ્યાનું મૂલ્ય,
વિદેશમાં જાય વિદવાનને વખાણીએ;
વિપત્તિ વેળાએ વરતાય સગપણ સ્નેહ,
સગાં સ્નેહી ખરાં ખોટાં પ્રત્યક્ષ પીછાણીએ;
દુખમાં સ્નેહી તે સ્નેહી સુખદા સજ્જન ગણો,
સુખમાં સ્નેહી તે સ્નેહી પૈસાનો પ્રમાણીએ.

મિત્રની હયાતીમાં મદદ લેવી દેવી એ સાધારણ વાત છે, પરંતુ મિત્રના સ્વર્ગવાસ પછી તેના ઘરની સંભાળ લેવી, ને પોતાના મરહુમ મિત્રની કીર્ત્તિ અમર કરવા યત્ન કરવો એ કામ સ્તુત્ય છે. એવી ફરજને વળગી રહેનારને આ દુનીઆમાં યશ મળે, અને એવા માણસને પોતાનો મિત્ર કરવાને ભલભલાનું દિલ આકર્ષાય તો તેમાં કશું અજાયબ થવા જેવું નથી.

ददातिप्रतिगृह्णाति गुह्यमाख्यातिपृच्छति
भुंक्तेभोजयतेचैवषडविधंप्रीतिलक्षणं

અર્થ—પોતાના મિત્રને કોઇ પદાર્થ જોઈએ, તે આપણી પાસે હોયતો આપવો, તથા તેની પાસે હોય અને આપણે જોઇએ તો તે લેવો. છાની વાત એક બીજાને કહેવી અને સાંભળવી, તેને ઘેર જમવું ને પોતાને ઘેર જમાડવો એ ૭ પ્રીતિનાં લક્ષણ છે.

મિત્રાઇ જોડાયા પહેલાં વિશેષ આદરમાન આપવું. પરંતુ મૈત્રિની ગાંઠ પૂર્ણ મજબૂતીએ પહોંચ્યા પછી લખવા બોલવામાં માન આપવાની ટાપટીપ કરી હોય તો તે કપટમાં ગણાયછે, તેથી તેની કાંઇ જરૂર નથી. અતિશય માન આપવાથી ઠગાઈ અથવા થોડીપ્રીતિ હોય એમ અન્યને જણાઇ આવેછે; માટે જોઈએ તે કરતાં વધારે માન પાન આપવાથી દૂર રહેવું. મસકાખોર થવું નહીં.

જે મિત્ર આપણાપર અતિશય મમતા રાખતો હોય તેને અજાણ માની તરછોડી નાખવો એ મહા પાતક છે. કારણ માત્ર ભાવનોજ ભૂખ્યો, તે મિત્ર દુર્દૈવ માની પોતાના હૃદયમાં અત્યંત સંતાપ પામે છે. જેઓ પદવી વા સંપત્તિથી મદાંધ થઈ, આશ્રિત મિત્રની સંયોગે સમાગમથી, અને વિયોગે પત્રથી, સાંત્વના રૂપ સેવા કરતા નથી, તેઓ અન્યના અંતઃકરણમાં ગ્લાની ઉત્પન્ન કરનાર નિર્દય રાક્ષસ છે. પ્રીતિની રીતિ એવી દુષ્કર છે કે, જેનાપર મોહ લાગ્યો છે, તે ધિક્કાર દષ્ટીએ નિહાળે, અપમાન કરે, તે છતાં તેનાપર અભાવ ઉત્પન્ન થતો નથી, તથાપિ પરિતાપ બમણો થાયછે.

"ડૉકટર જોનસન કહેતો કે" જે માણસ બીજાઓ-ના સારા ગુણોને વાજબી રીતે વખાણે તેના ઘણા મિત્રો થાય; કેમકે જેનું દિલ મોટું અને ઉદાર હોય, જે ખરું બો-લવાને અચકાતો નહોય, અને જેઓમાં બીજાના સારા ગુણો પારખવાની શક્તિ હોય તેજ એમ કરી શકે."

જો વિવેક, સાલસાઈ તથા પરોપકાર કરવાની વલ-ણથી ચાલ્યા હોઇએ તો ઘણા લોકને આપણા વ્હાલા મિત્રો બનાવી શકીએ. મિત્રનું મંડળ મોટું રાખવું જોઇએ. એક જાણીતો લખનાર કહે છે કે–"મે વારંવાર વિચાર કી-ધોછે, કે જયારે ઘણાખરા લોક લાંબી જીંદગી ગુજારવાને આતુર હોયછે, અને ઉમેદ પણ રાખેછે, ત્યારે તો પોતાના મિત્રોની સંખ્યામાં જાથુનો વધારો કર્યા જવું, એ ડાહપણ ભરેલું ગણાય. તેથી જે મિત્રની (મરણથી) ખૂટ પડે તે બીજા નવાઓથી પુરાતી આવે."

આપણે નમ્ર ને નિષ્કપટી છીએ, અને મિત્રના દુઃખ-નું નિવારણ કરી, તેમનું સુખ વધારવા કૃપાયુક્ત અંતઃકર-ણ રાખીએ છીએ, એવું જો બીજાઓને માલૂમ પડશે તો આપણે મિત્ર વિનાના રહીશું નહીં.

આગળના વખતમાં રોમ શેહેરમાં "સીપીઓ" ના-મનો શૂરો સરદાર હતો, અને "લેઇલીઅસ" નામનો એક ડાહપણવાળો ફીલસુફ હતો. તેઓ બન્ને સરખી ઉમરના હતા; અને એક એકના દિલોજાન દોસ્ત થયા હતા. એ-મની દોસ્તીનો પાયો ઘણો મજબૂત હતો, તે વિષે "લેઇ-

લીઅસ" પોતે અસરકારક ભાષામાં નોંધી ગયેલ છે, તે અત્રે નોંધી લેવા લાયક છે. "મને પરમેશ્વરે જે કાંઇ બક્ષીસ કરી છે, તે સર્વેમાં ઉત્તમ બક્ષીસ, સીપીઓની દોસ્તીનું સુખ છે. મેં કદી પણ સીપીઓને જરા પણ દુઃખ લગાડેલું મને યાદ નથી, અથવા મને ખુશી નહીં ઉપજે એવું એક પણ વચન તેના મૂખમાંથી કદી નીકળ્યું નથી. અમારૂં એકજ ઘર હતું, જમવાની ટેબલ પણ એકજ હતી, અને બન્નેનો ખરચ એકઠો ચાલતો, કે જે ખરચમાં કરકસર કરવાની અમારી બન્નેની ખુશી હતી. લડાઇમાં, રાજપાટમાં, મુસાફરીમાં કે મોજશોખમાં અમે બન્ને સરખા ને સાથેજ હતા. પોતાના જીવ સાથે વળી એક બીજો જીવ આપણુને ગળેલો હોય એ કેવાં સુખની વાત છે? આપણી છૂપી વાતો સાંભળનાર પોતાના ઉપરાંત એક બીજો જીવ મળી આવે એ કેવાં સુખની વાતછે? જો આપણાં સુખ અને ખુશીમાં ભાગ લેનાર બીજું કોઇ નહીં હોય તો આપણને સુખમાં એટલો સ્વાદ પણ લાગે? પણ વળી ગરીબાઇમાં આપણો ભાગીદાર થાય, એવા એક સાચા દોસ્તથી ગરીબાઈનું દુઃખ કેટલું ઓછું થાયછે? મને સીપીઓની દોસ્તી બાંધવામાં કાંઈ ગરજ નહીં હતી, અથવા સીપીઓ કશી રીતે મારો ગરજાઉ નહીં હતો. અમોને એક એકના ગરજાઉ રહેવાનું કશું પણ કારણ નહોતું: હું તેને વળગી રહ્યો તે એટલાજ માટે કે તેના ભલા ગુણો વિષે હું ઘણું માન ધરાવતો હતો, અને સીપીઓ મને

વળગી રહ્યો તે એટલા માટે કે મારી ચાલ ચલણુ એને પસંદ હતી. અમે પોતે પોતાના લાભને માટે નહીં, પણ એક એકની પસંદગીને માટે દોસ્ત થઈ રહ્યા હતા.”

મિત્રને મદદ કરવામાં હાથ મોકળો રાખવો. કંજુસાઈ કરવી નહીં. પોતાને થોડું નુકશાન જતાં છતાં મિત્રને ફાયદો થતો હોય તો તેમ કરવું. ક્રોધમાં આવી કડવાં વચન કથવાં નહીં. મિત્રની ચૂક થઇ હોય તો ગમ ખાવો, અને તેને શબ્દ ડામ આપવા નહીં. એક ગરમ થાય ત્યારે બીજાએ નરમ થઈ જવું. મિત્ર તરફ ઢીલી દોરી રાખવી. “હું કદી ભૂલુંજ નહીં” એમ અભિમાન ધરવું નહીં. મિત્રના બોલવાપર વિચાર કરવો. મિત્ર આગળ આત્મ પ્રશંસા કરવી નહીં, તેમજ તેની અધિક સ્તુતિ કરીને તેને ચડાવવો નહીં. હળી મળીને રહેવું. જે ઘડી આનંદમાં જાય તેજ આપણી છે. એક બીજાની ચૂક ગણીને ગાંઠે બાંધશો નહીં. ભૂલ ચૂક ભૂલી જજો, અને ઉપકાર અંતરમાં- કોતરી રાખજો. કોઇની સાથે દોસ્તી તૂટે તોપણ તેની ખાનગી વાતો ખુલ્લી કરશો નહીં; કરશો તો તમે તમારો બોજ ખોશો, અને પછી તમારો કોઈ વિશ્વાસ કરશે નહીં. મિત્રાઈ તૂટે તો ભાવિભાવ ગણી મન વાળજો. લેણુ દેણુ લેવી દેવી છે, પૂર્વના સંચિત હોયછે તોજ એ મહારત્ન મેળવાય છે. મિત્ર તરફ મોટું મન રાખજો. નાણાં સંબંધી કામ પાડો તો હિસાબ બરાબર નોંધજો. તે આપણો કાંઇ અપરાધ કરી પસ્તાય તો તે વાત તરત જતી કરજો. તે-

મની સાથે બહુ ગંભીર સ્વભાવ રાખજો. અંતઃકરણ નિર્મળ રાખી પ્રિય મિત્ર સાથે પ્રમાણિકપણાથી વર્તવું, અને કાંઈ પણ વાતનો અતિશય તંત કરવો નહીં.

દોહરો.

તંત અતી નવ તાણિએ, થાય હરખનું હર્ણું;
મમત મકોડો નવ મુકે, માટે પામે મર્ણું.

સદા સર્વદા મન નિષ્ક્રોધી ને પરગજુ રાખવું. પોતે પવિત્ર રહી સદાચરણથી ચાલવું. સર્વનું યથાશક્તિ ભલું કરવું. નમ્રતા રાખીને સર્વને સવિનય નમતાં રહેવું, એટલે મિત્રની ખોટ રહેશે નહીં. સેંકડો સંગી થશે.

દોહરો.

સદા હૃદય મન રાખવું, સાગર સમ ગંભીર,
આવી મળશે બહુ નદી, સેજે સમજે વીર.

હે જગન્નાયક, હે ભક્ત વત્સલ, હે સર્વાન્તરયામી પ્રભુ! અમારા સ્વદેશી બંધુઓમાં સન્મતિની પ્રેરણા કર, અમારા અને તેઓની અરસપરસ મિત્રતા વૃદ્ધી કરીને સુખશાન્તી આપી દેશસુધારાનાં કાર્યો કરાવ-! તથાસ્તુ.

દોહરો.

પ્રાણી સૌને પરસ્પર, પૂરણ વધજો પ્યાર;
દોસ્ત સરવના એક દિલ, કરજે જગ કર્તાર.

સમાપ્ત.

"મિત્રતા વિષે નિબંધ"ની બીજી આવૃત્તિ વિષે મત.

"મિત્રતા વિષે નિબંધ" "જ્યારે આપણા કેળવણી ખાતાઓ તરફથી નીતિ અને વિવેકની કેળવણી વગર, માત્ર પેટભર કેળવણી મળી શકેછે ત્યારે તરુણ અવસ્થાની ઉછરતી પ્રજાના કલ્યાણ અર્થે ગમે એટલી ખામી છતાં આવા ગ્રંથો મુબારકબાદી ભરેલા છે. આ નાના નિબંધ કર્ત્તાને તેની મેહેનત માટે કેટલું ઇનામ મળ્યું છે તે અમો જાણતા નથી તોપણ ખોટા પડવાની જરા પણ ધાસ્તી વગર અમે હિંમતથી કહી શકીએ છીએ કે બસેં રુપિઆના ઇનામવાળી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના "સત્સંગ" ઉપરના નિબંધ કરતાં આ નિબંધમાં વધુ વિદ્વતા અને કાએલીઅત સમાએલી છે, પાછળ આપેલી ટીપ ઉપરથી જણાય છે કે છ આનાની કીમતના આ નાના ગ્રંથને જોઈતો આશ્રય મળી શકયો છે, અને તેથી અમે ઘણા ખુશી છીએ. દોસ્તી કેવા શખ્સોની કરવી જોઇએ, તે માટે વિદ્વાનોની શાહદતો, ખરી મિત્રાઇના નમુનાઓ અને સત્સંગને લગતી મનોરંજક કાવ્ય, એ આ પુસ્તકની મુખ્ય ખુબી છે. અમને ઉમેદ છે કે મિ૦ પુરૂષોત્તમ ગાંધી પોતાની શુભ કોશીશ ચાલુ રાખી પોતીકા અભ્યાસનો લાભ એ કરતાં વધુ મોતેબર ગ્રંથથી આપણા વગર ભણેલા ભાઈબંધોને આપતા રહેશે. દેશી બાળકોને ક્રિસ્ટમસને ટાંકણે ભેટ સોગાત કરવાનો સિરસ્તો પડયો હોય તો અમો તે માટે આ નાના પુસ્તકને બરાબર માફક આવતું સમજીએ છીએ. તેની નજીવી કીંમતને લીધે ગરીબમાં ગરીબને પણ જો પોતીકા બાળકોને દુર લક્ષણી મિત્રોથી બચાવવા હોય તો આ પુસ્તક ઝાઝું મોંઘું પડશે નહીં. સવખતના ખરચેલા છ આના છ લાખની કીંમતના કોઇવાર થઇ પડેછે." (કયસરેહિન્દ.)

"મિત્રતા વિષે નિબંધ" એ ગ્રંથ અથથી તે ઇતિ સુધી વાંચી જોતાં અમને પરમ સંતોષ ઉપજ્યો છે. અમે ખાતરીથી કહીએ છીએ કે એ ગ્રંથ જો કોઇ અથથી તે ઇતિસુધી ધ્યાન દઇ વાંચે તે અવશ્ય કરી મિત્રની ફરજ શી છે તે સમજ્યા વિના રહે નહીં. માટે એ ગ્રંથ સર્વને વાંચવા અમે ભલામણ કરીએ છીએ.

(સ્વદેશ હિતબોધક).

"મિત્રતા વિષે નિબંધ" ટાઈટલપેજ ઉપર સંસ્કૃત શ્લોકનું ભાષાંતર યથાર્થ થયું છે. ઉપોદ્ઘાત ૨૫ શાર્દુલવિક્રીડિત વૃત્ત વખાણવા લાયક છે. અને તેમાં બનાવેલ બધી બાબત પુસ્તકમાં સિદ્ધ થઇ છે, એમ અમે માનીએ છીએ.

દોસ્તી ક્યાંથી થાય છે, તેને કેવી રીતે નિભાવવી, કેવા કેવા પ્રસંગે દોસ્તોથી ઠગાઇએ છીએ, કેવી કેવી વખતે દોસ્તો ઉપયોગી થઈ પડે છે, દોસ્તીની પરીક્ષા કેમ થાય છે, ક્યારે થાય છે, વગેરે બાબતોથી આ ગ્રંથ શણગારેલો છે. આ ગ્રંથકારે કેટલાંક ઇંગ્રેજી અને સંસ્કૃત પુસ્તકોનું મનન કર્યુંછે, એટલુંજ નહીં પણ તેના ઉત્તમોત્તમ વાક્યોનો સંગ્રહ કરી ગ્રંથને ઓર વધારે શોભા આપી છે. એક વિષય સિદ્ધ કરતાં જેમ આજે કેટલાક, વગર સંબંધનું પીંજન કરી વાંચનારને કંટાળો આપેછે, તેમ આ ગ્રંથમાં કાંઇજ નથી.

ગ્રંથકારે આ નિબંધમાં મિત્રતાના ગુણ દોષ બન્ને બતાવ્યા છે, જેથી ગ્રંથની ખુબી વધી છે.

અમે આ ગ્રંથ વાંચીને ઘણા ખુશી થયા છીએ, અને આવા એક ગ્રંથની ગુજરાતી ભાષામાં ખોટ હતી તે ખોટ ભાઈ પુરૂષોત્તમ કાહાનજી ગાંધીએ હતી—નહોતી કરી છે, તેને વાસ્તે અમે તેમને ખરા અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપીએ છીએ."

(વાર્તિક સદ્બોધ રસરાજ.)

"આ પુસ્તક વૃદ્ધ, યુવાન અને બાળકોને વાંચવા અને સમજવા લાયક છે. મનુષ્ય માત્રને સુમિત્રની જરૂર છે તેનો અચ્છો ચિતાર આ પુસ્તકમાં આપ્યો છે, તેમ તેની ભાષા રસિક અને સરળ છે."

(ઉદિચ્ય હિતેચ્છુ.)

"**મિત્રતા વિષે નિબંધ**" ની બીજી આવૃત્તિ મળી છે. આ નિબંધ તેના કર્ત્તાએ ઘણી સંભાળથી રચ્યો છે, તેમાં ઘણાંક ઉપયોગી દૃષ્ટાંતોથી તે વિષય સિદ્ધ કરી બતાવ્યો છે, એટલુંજ નહીં પણ તેની ભાષા ઘણી સરળ અને રસિલી છે. વાક્ય રચના સારી છે.

આ નાના નિબંધમાં કર્ત્તાએ લીધેલો શ્રમ ઘણોજ વખાણવા લાયક છે. નિબંધમાં પ્રસંગોપાત જે કવિતા દાખલ કરીછે, તે ઘણી રસિક અને ઉદ્દેશને અનુસરતી છે. બેશક આ નાનું પણ ઘણું રસિલું પુસ્તક આશ્રયને પાત્ર છે. અને આશા છે કે પ્રજા તે વાંચી તેમાંની શિખામણ ગ્રહણ કરશે. (હિતેચ્છુ.)

"**મિત્રતા વિષે નિબંધ**" "મૈત્રી એ શું છે? આ જગતના સંસારમાં તેની પદવી અને ઉપયોગ શો છે? મિત્ર કેવા જોઈએ? સાચા મિત્ર કેવા હોય છે? અને કે-

વા લાભ કરેછે? તથા ખોટા મિત્રો કેવા ગેરલાભ કરેછે? એ સર્વેનું અસરકારક વર્ણન તવારીખના દાખલા, શાસ્ત્રના શ્લોકો, કહેવતો, દોહરાઓ તથા ઇંગ્રેજી કવિઓના ફકરાઓથી શણગારીને આ નિબંધમાં દાખલ કર્યું છે.

દોસ્તોની પીછાણ સંપત્તિમાં નહીં. પણ વિપત્તીમાં થાય છે, તેના દાખલામાં નિબંધ કર્તાએ ગરનાર મિ૦ કરસનદાસ મૂળજીના કેટલાક ઠગારા મિત્રોને ઠીક બતાવી આપ્યા છે." **(રાસ્ત ગોફતાર.)**

"**મિત્રતા વિષે નિબંધ**" મિ૦ પુરૂષોત્તમ કાહાનજી ગાંધીએ પોતાના સ્વતંત્ર શોખથી આ નિબંધ લખ્યો છે, અને જો તેમાં સમાવેલા સઘળા ભંડોળ ઉપર કોઈ પારકા દેશી કે વિદેશી ગ્રંથકર્ત્તાનો દાવો નહીં હોય તો તે એક "**ભણેલો**" નિબંધ ગણી શકાય. આ નિબંધ ખચીત લોકપ્રિય થઈ પડવો જોઇએ. નિબંધ માત્ર ૬૦ પૃષ્ટનો છે, પણ તેમાં સમાવેલી બીના અમે માનીએ છીએ કે વાંચનારની પ્રસન્નતા મેળવ્યા વગર નહીં રહે એવીછે."

(નુરેએલમ.)

"**મિત્રતા વિષે નિબંધ**" ભાઇ પુરૂષોત્તમ કાહાનજી ગાંધીની આ ચોપડી બીજી આવૃત્તિએ પહોંચેલી જોઈ અમે ખુશ થયા છીએ. અને આશા રાખીએ છીએ કે એનો પણ ઉઠાવો એવી રીતેજ થએલો જોવાને એ ભાઈ શકિતવાન થશે. વિચાર પ્રથમની આવૃત્તિ ઉપર આપી ગયા છીએ, એટલે અત્રે કાંઇ બોલવાની જરૂર નથી, પણ એટલુંજ. કે એ ચોપડી સ્વદેશાભિમાનને પોષક તથા જુસ્સાભરી છે." **(શાળાપત્ર).**

"**મિત્રતા વિષે નિબંધ**" આ પુસ્તક જેવું ઉપરથી સુશોભિત તેવુંજ અંદર રસથી ભરેલું છે. તેમાં સુમિત્રની મિત્રાઇના લાભ અને કુમિત્રની મિત્રાઈથી થતા ગેરલાભ સારી રીતે બતાવેલ છે. **(ધર્મદર્પણ).**

"**મિત્રતા વિષે નિબધ**" એ પુસ્તક સંપૂર્ણ રીતે વાંચી જોતાં અમને અત્યાનંદ થયો છે. કારણ કે માણસે દુનિઆમાં કેવા મિત્ર પસંદ કરવા, અને ખરેખરા મિત્ર કોને કેહેવા વગેરે બાબતોથી એ પુસ્તક ભરપુર છે. અમે કહી શકીએ છીએ કે એ પુસ્તક સંપૂર્ણ રીતે ધ્યાન દઇ વાંચે તો મિત્રની ફરજ શી છે તેનો અચ્છો ચિતાર પોતાના હૃદયમાં કોતરાયા વગર રહે નહીં, માટે એ પુસ્તક દરેક બન્ધુને વાંચવા ભલામણ છે."

(આર્યસુબોધક.)

રા. રા. પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

સુબોધ પ્રકાશના અધિપતિ—લીંબડી.

"આપનો "**મિત્રતા વિષે નિબંધ**" વાંચતાં મને બહુજ સંતોષ થયો. નિબંધ ઘણીજ સારી ઈબારતમાં પુષ્કળ દેશી તથા ઈંગ્રેજી કહેવતો સાથે છંદ સહિત અસરકારક રીતે લખાયોછે. તેને જે આશ્રય મળતો આવેછે તે ખરેખર યોગ્ય છે. આપે જે જે ઉદાહરણ આપેલાં છે તે પરથી માલમ પડી આવેછે કે નિબંધકર્તાનું વાંચન કેટલું વિશાળ છે."

અહમદાબાદ. તા. ૨૫-૮-૮૪ **ત્રિભોવનદાસ મોતીચંદ** એલ. એમ.

રા. રા. પુરૂષોત્તમ કાહાનજી ગાંધી—લીંબડી.

"**મિત્રતા વિષે નિબંધ**"—"તેમાં મિત્રના શા ધર્મ છે અને તેથી કયા કયા ફાયદા થાયછે તેનો આબેહુબ ચિતાર આપેલ છે તે જોઈ હું ઘણોજ ખુશી થયોછું. આપનાં હાલ સુધીનાં પુસ્તકો જે જે મારા જોવામાં આવ્યાં છે તે તમામ સંતોષકારક માલમ પડયાં છે."

મોતીચંદ તુળશીભાઇ.
(મુખ્ય કારભારી—રાજકોટ)

પરમ પ્રિયભાઇ પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

"આપની તરફથી "**મિત્રતા વિષે નિબંધ**" નું પુસ્તક આવ્યું તે પહોંચ્યું છે. તે બધું વંચાવીને મેં સાંભળ્યું છે. તે નિબંધ ઘણો વખાણવા લાયક છે. તેમાં રામકથાના, આપણા શાસ્ત્રોના અને ઇંગ્રેજીના દાખલા ઘણા સારા આપ્યા છે. એવા એક નિબંધની ગુજરાતીમાં ઘણી જરૂર હતી તે આપે પૂરી પાડી છે."

લ૦ કવિ દલપતરામ ડાહ્યાભાઇ- અમદાવાદ.

રા. રા. પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

આપનો રચેલો "**મિત્રતા વિષે નિબંધ**" મારાં વાંચવામાં આવ્યો. તેમાં મિત્રતા વિષે સારૂં બયાન કરેલું જણાયછે. વિદ્વાન પુરૂષોના મત ભેળા કરવામાં શ્રમ લીધેલો છે તેથી નિબંધની પ્રૌઢતા વધીછે. સૃષ્ટીમાં મિત્રતા કેમ થાયછે, ને તે કેવી જોઈએ તે બાબત લખવામાં આપે

સારી કાબેલીયત બતાવી છે. યુવાન પુરૂષોને આ નિબંધ ભોમીઆ તરીકે ઘણો ઉપયોગી છે. ને તેવો નિબંધ ગુ-જરાતીમાં આજ સુધી મારા વાંચવામાં આવ્યો નથી, મા-ટે આ નિબંધને સારો આશ્રય મળેલો જોવાને ઈચ્છું છું.”

મોતીલાલ માધવરાય.

(દીવાન—પોરબંદર.)

“**મિત્રતા વિષે નિબંધ**” એકંદર રીતે વિચારતાં રા० ગાંધીએ એક ગૃહણીય અને સ્પૃહણીય પુસ્તકને જ-ન્મ આપ્યો છે. રા० ગાંધીએ પ્રસંગોપાત એવા સરસ વિ-ષયો ચરચ્યા છે કે તેની તુલના તો ખરો અનુભવી હોય તેજ યોગ્ય રીતે કરી શકે. **(જ્ઞાનોદય.)**

“**મિત્રતા વિષે નિબંધ**” “તેના રચનાર મિ. પુ-રૂષોત્તમ કહાનજીએ સારો શ્રમ લીધોછે, એમાં કાંઇ શક નથી. તેમાંનાં ઘણાં દૃષ્ટાંત ખરેખર પ્રીતિની રીતી સુધા-રવા માટે ધ્યાનમાં રાખવા જોગછે.” **(સોરાષ્ટ્રદર્પણ.)**

“**મિત્રતા વિષે નિબંધ**”—“આ નાના પણ ઉ-પયોગી વિષયમાં ઘણું જાણવા જેવું છે. પ્રસ્તુત વિષયને અનુસરતી ઘણીક બાબતો વિષે એમાં લખવામાં આવ્યું છે, અને તેને દૃષ્ટાંતો વગેરેથી સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે-લો છે. પ્રસંગે પ્રસંગે કવિતાઓ મૂકી છે તેપણ વિષયને અનુકુળ અને સારી છે. ગુજરાતી ભાષા જાણનાર દરેક

માણસે તે વાંચી તેમાંનો ઉપયોગી સાર ગ્રહણ કરવો એ-વી અમારી ભલામણ છે." (બુદ્ધિપ્રકાશ.)

We beg to acknowledge with thanks receipt of a Gujarati book entitled "*An Essay on friendship*" from its author *Mr. Purushottum Kahanjee Gandhi*, editor of the well known Gujarati monthly "*Subodh Prakash*" of Limdi, in Khathiawad.

It is written in a very vigorous style, and deserves a very circulation.

The author seems to be a well read man, looking at the authorities he has cited in support of his arguments.

This little essay deserves to be given away as a prize book.

Student's friend.
October 1884.

બિજી આવૃત્તિ વિષે મત.

"મિસ્તર પુરૂષોત્તમ કાહાનજી ગાંધીએ રચેલો "મિત્રતા" વિષેનો નિબંધ માહારા વાંચવામાં આવ્યોછે. લખાણ સારી ઢબનું, અસરકારક અને મનોરંજક છે. ઘટિત દૃષ્ટાંતો ખોળી કાઢવામાં સ્તુતિપાત્ર શ્રમ કરેલો જણાય છે. દાખલ કરેલી કવિતા સારી છે, અને પુસ્તક

ઉપયોગી તથા ઉત્તેજન આપવા યોગ્ય છે.”

દીવાન બહાદુર મણિભાઇ જશભાઇ.

રા. રા. ભાઇ પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

આપનો **“મિત્રતા”** નો નિબંધ આવ્યો તે વાંચી હું ઘણો રાજી થયો છું. તેમાં મિત્ર કેવા પ્રકારના થાયછે—ખરા મિત્ર અને ઢોંગી મિત્ર કેવા હોયછે તેની પરીક્ષા તથા તેનો ચીતાર આપી ખરી મૈત્રી શી રીતે કરવી અને નિભાવવી વગેરેનું ઘણું સારૂં બયાન કર્યુંછે. ભાષા પણ ઘણી સરલ અને રસિલી છે. ઠેકાણે ઠેકાણે હિંદુ શાસ્ત્રનાં તથા બીજાં દૃષ્ટાંત અને કવિતા ઘણી અસરકારક આપી નિબંધને સારી રીતે શણુગાર્યો છે.

એ નિબંધ નાના, મોટા, સર્વેને વાંચવા યોગ્ય છે.

રાવબહાદુર ગોપાળજી સુરભાઇ દેશાઇ.

(આસિ. એજ્યુ. ઈન્સ્પેક્ટર, કાઠિયાવાડ.)

PURUSHOTTAM K. G. Esquire,

Limbdi.

DEAR SIR,

I have looked at your "*Essay on Friendship*" It is a well written essay. I like its simple style. I see that you have brought together almost all that could be said on the subject. Your quotations and anecdotes are a happy selection. In short I consider your

Essay to be a very useful publication for young people.

I remain,

Rajkot, 3/8/1887. Yours truly D. E. GIMI,

(Head Master, Kathiawar High school.)

આશ્રય પત્ર.

નીચે લખેલા સાહેબોએ આ પુસ્તકને અવલથી આ-શ્રય આપ્યો છે, તેમનો તથા ઘણીખરી સાહિત્યની કવિતા માટે શેઠ વલ્લભદાસ તથા મેહેતા પ્રતાપરાયનો આભાર માનવામાં આવેછે.

૧૦૦ મેહેરબાન નેકનામદાર મહારાજાધિરાજ મિરજા મહારાઓશ્રી ખેંગારજી સવાઈ બહાદુર. જી. સી. આઇ. ઇ. ભૂજ.

૫૦ મે. રા. રા. છોટાલાલભાઇ સેવકરામ—મહારાજા સાહેબના સેક્રેટરી—ભૂજ.

૨૫ મે. રા. બા. ડાઇરેક્ટર સાહેબ ઓફ વર્નાક્યુલર ઈન્સ્ટ્રકશન, વડોદરા.

૪ રાવ સાહેબ રામચંદ્ર ઇચ્છારામ વ્યાસ, વાગરા.

૪ નેકનામ રાઓલશ્રી હરિસિંહજી રૂપસિંહજી, વરલ.

૪ રા. રા. ભોગીલાલ જેઠીસનદાસ, મેહેમદાબાદ.

૭ ,, ,, દલસુખરામ રતનરામ, મુંબાઇ.

૪ મે. ,, ,, હરિપ્રસાદ સંતોકરામજી દેશાઈજી, જે. પી. ભાવનગર.

૭ રા. રા. લખમશી હરિરામ ઠક્કર—**કલીકટ.**

૨ દરબારશ્રી બનુભા કુંવરસંગ, રાણપુર.

૭ રા. રા. વીશરામ શિગરામ મારફત—કોટડી—રા. રા. વીશરામ શિગરામ—બારોટ ભારા લધાભાઇ—રા. મોરારજી માહાવજી—ઠા. ટોપણ હરજી—રા. ડુંગરશી ટોપણ—રા. હીરજી વીશનજી—મેહેતા ગોપાળજી જેઠા.

૪ રા. રા. દેવજી કુંવરજી માસ્તર—કોટડી.

૪ ,, ,, મોરારજી અજરામર—દેશલપુર.

૩ નેકનામ શ્રીમંત કુમારશ્રી વિજયદેવજી આરોગ્ય નારણદેવજી. ધરમપુર.

૩ મે. રા. રા. કરીમભાઇ નેણશી, મુંબાઇ.

૧ ,, હઠીસંગ નગીનદાસ,—રા. રા. મૂળજી છગનલાલ,—રા. રા. મોતીરામ ઈચ્છારામ દલાલ—**અમદાવાદ**—રા. રા. વીશનજી જીવણ વ્યાસ—સોની શિવજી ગોપાળજી, **આસાંબીઆ**—રા. રા. અંકલેશ્વર લાઈબ્રેરીના સેક્રેટરી—રા. રા. શામજી ગણેશ, અંજાર—રા. રા. મુળશંકર દામોદર, ઉપલેટા લાઇબ્રેરીના સેક્રેટરી—રા. રા. હીરજી હરીશંકર રાવળ. ઉગામેડી—રા. રા. હરિરામ સુંદરજી, કરાંચી—રા. રા. રામજી પેથાભાઈ, કરાંચી—રા. રા. નવલરામ આત્મારામ—કઠોર—રા. રા. ખુશાલ રણછોડ—કતારગામ. રા.રા. ભૂખણદાસ જીવણરામ તલાટી. કામરેજ. રા. રા. રવજી દેવજી, કોડાએ.

રા. રા. ભૂપતરાય હરગોવિંદદાસ દાતાર—૨ રા. છગનલાલ બોધાભાઇ, **બારચીઆ**—શેઠ ખેમચંદ વીરચંદ, ખેરાળુ—

૪ રા. રા. મોતીચંદ ઓધવજી મારફત—ગોંડળ-૧ રા. રા. મોતીચંદભાઈ—૧ રા. રા. ત્રિકમલાલ ભગવાનદાસ-૧ રા. રા. ગણપતરામ હરજીવન—૧ રા. રા. મોતીલાલ હરજીવનદાસ.

૧ રા. રા. રૂગનાથ હરજીવન, ગોંડળ—

૩ ,, ,, કેશવલાલ ભવાનીશંકર મારફત—માણાવદર—રા. જેસુખલાલ અમરજી-રા. કેશવલાલ ભવાનીશંકર—રા. શિવરામ લાલજી.

૧ રા. રા. છગનલાલ મગનલાલ, ચાણસ્મા—રા. રા. અજરામર નાનજી, ચીતળ—

૧ રા. શેઠ નેણશી દેવજી—રા. અમૃતલાલ લક્ષ્મિશંકર—જામનગર—

૧ રા. રા. ભગવાનજી નરભેરામ મેહેતા— રા. રા. માનસિંગ નરભેરામ—રા. રા. દેવશંકર હરજીવન—રા.રા. દેવચંદ ઉત્તમચંદ.

૨ રા. રા. હેમચંદ દેવચંદ, જેતપુર. ૧ રા. શામળજી નાનજી.

૧ નેક નામ સાહેબજાદા સુલતાનમહમૂદ ખાનજી—૧ રા. કાહાનજી જાદવજી—૧ લીલાધર ભગવાનજી કામદાર,—૨ રા. ગોવિંદજી નાનજી, જુનાગઢ.

૧ રા. રાજેભાઇ ભાઈજી, ટંકારીઆ.

૧ ,, છગનલાલ જીજીભાઇ, ડાકોર-રા. રા. સૂરજરાય કુરૂણાશંકર, ડેહેરાડુન.

૧,રા. રા. છગનલાલ ભવાનીશંકર, થરાદ.

રા. રા. આનંદરાવ ગણપતરાવ દમણુ—રા. રા. પુ-

રૂષોત્તમ નથુભાઇ-દીવોદર—રા. રા. ઈચ્છારામ ભાઇચંદ, દીવોદર—રા. રા. નારણદાસ રામજી, દ્વારકા.

રા. રા. કાહાનજી પ્રભાશંકર દવે, ધ્રાંગધરા—રા. એલચંદ દાનશંગ, ધાનેરા.

૪ રા. રા. ગણેશ ગોવિંદ પાટણકર મારફત—રા. ગણેશ ગોવિંદ—રા. દયાશંકર જેશંકર—રા. ગિરજાશંકર મૂળજી—રા. પીતાંબર વલભજી, ગુંદાળા.

૩ રા. રા. છોટાલાલ પરભુરામ મારફત—રા. લલ્લુભાઈ રવચંદ—રા. લીલાચંદ દીપચંદ—રા. છોટાલાલ પરભુરામ, નંદાસણ.

૧ મે. નેકનામ મહારાણાશ્રી છત્રસિંહજી સાહેબ—રા. જીઠાલાલ તુળશીદાસ—રા. રા. ગગનલાલ કેશવલાલ—રા. મગન કાળાશંકર—રા. ઉમેદ ગુણવંતરાગ પરોત—નાંદોદ—૧ રા. રા. ઘેલાભાઇ વેલજી, નખત્રાણા.

" ૧ રા. પુરૂષોત્તમ નાનજી ગાંધી—૨ રા. રા. હેમચંદભાઇ ધારસી—પોરબંદર—રા. ઇચ્છાશંકર ભગવાનજી ૧ રા. વેલજી પ્રાણશંકર પંડયા. પાલીટાણા.

૧ રા. રા. જીવરાજ માણેકચંદ મેહેતા, પાલણપુર—પાળીઆદ લાઇબ્રેરીના સેક્રેટરી—રા. શાહ મૂળચંદ ત્રિકમલાલ, પાલીટાણા—રા. રા. એચરલાલ જીવણલાલ, પારડી.

૨ બગસરા લાઈબ્રેરી—૨ મે. છોટાલાલ ગિરધરલાલ —૨ મે. દરબારશ્રી વાળા મુળુ ભાયા—૨ મે. દરબારશ્રી વાળા હરસુર લક્ષ્મણ—૧ રા. રા. માણેકચંદ ડાહ્યાભાઈ —૧ રા. રા એનરજી સેમ્યુઅલજી, બગસરા.

૧ રા. રા. બાબાજી વીશરામ, બોરીઆવી—રા. ગ-

ણુપતરામ રૂદરજી ગોર—રા. હીરાલાલ અમૃતલાલ શાહ. —પંડોળી.

૨ ભટ્ટ જીવનરામ દયારામ—૧ મે. રા. રા. ભીમજીભાઇ મોરારજી—૨ રા, રા, રાયનદા નથુભા નાનભા—૧ રા,રા,વીઠલદાસ ભીખાભાઈ ૨ રા. રા. શેઠ દામોદર ભાણજી—રા. ગિરધર દેવચંદ શાહ—રા. ચુનીલાલવીરચંદ—રા.મોતીચંદ ઓધવજી—રા. ચંપકલાલ ચંચળરામ—ખોજા અલીભાઇ બાબુલભાઇ—ભાવનગર.

૧ રા. રા. લક્ષ્મિદાસ રવજીભાઇ—રા. રા. પ્રભુલાલ મૂળચંદ—રા. રા. ઘેલાભાઈ વેલજી—રા. મૂળજી હરિરામ—રા. મણિશંકર ઈચ્છારામ—રા. કલ્યાણજી રતનશી રા. પ્રીતમલાલ ગંગારામ, રા. રેવાશંકર ખીમજી—રા. પુરૂષોત્તમ ઓધવજી—રા. રા. કવિ શિવલાલ ધનેશ્વર—રા. દયાશંકર નાગજી ભટ્ટ—રા. રા. દુલેરાય દલપતરામ વોરા —ભૂજ.

૪ રા. રા. ગોરધનદાસ લાલભાઈ મારફત—ભરૂચ રા. નરોત્તમ પ્રાણજીવનદાસ—રા. અમૃતલાલ જેઠાભાઈ—રા. શિવલાલ લાલભાઈ—રા. છગનલાલ બ્રિજભૂખણદાસ.

૧ રા. રા. ડાહ્યાભાઇ છગનલાલ સત્યવાદી, ભરૂચ —રા. રા. ધરમશી ઘેલાભાઇ, ભીમડી—રા. ઠા. વશનજી વલ્લભદાસ, ભદ્રેસર.

૨ રા. રા. શેઠ ખીમજીભાઈ જેરામ, મુદરા.—૨ રા. રા. જમનાદાસ વનરાવનદાસ, મુંબાઇ—રા. રા. ઓધવજી વહાલજી, મુંબાઇ—૨ રા. રા. ચુનીલાલ વીરચંદ, રાંધણપૂર.

૧ રા. રા. રૂપસિંગ મથુરાદાસ—રા. રા. અલી મ-

હમૂદ જીવરાજ—રા. રા. નથુભાઈ કેશવજી—રા. રા. ખીમચંદ રવજી—રા. રા. રજબઅલ્લી ચાંદાભાઇ—રા. રા. કેશવજી હરજીવન—રા. રા. છગનલાલ રાઘવજી—ભૂલેશ્વર પુસ્તકાલય—રા. રા. કરસનદાસ કરમશી—રા. રા. અરદેશર બરજોરજી—રા. રા. દાદાભાઇ ફરામજી—રા. રા. ખેતશી કાળાભાઇ—રા. રા. હરિલાલ હરગોવિંદદાસ—રા. રા. વીરજી ડાહ્યાભાઇ—રા. રા. મૂળજી આણંદજી—રા. રા. ભીમજી મૂળજી—રા. રા. કાશમભાઇ ગુલામહુસેન—રા. શેઠ કાવશજી હોરમજજી ગાંધી—મુંબાઇ.

૧ રા. રા. રૂદરજી ખંડુજીભાઇ, મહુવા—રા. રા. વ્રજલાલ ગવરીશંકર, મોહોલેલ—રા. રા. છોટાલાલ ગિરધરલાલ, મેહેમદાબાદ—રા. રા. વીરચંદ કૃષ્ણજી પુના—રા. રા. મથુરાંદાસ તુળશીદાસ, અલપાઈ, રા. રા. હજારી હઠીસંગ, રાંધણપુર—રા. રા. ફતેહરામ ઉજમરામ, રાધણપુર —રા. રા. જીવણલાલ હરજીવનદાસ, રાજકોટ—રા. પ્રતાપરાય વજેશંકર, લીંબડી.

૧ રા. છોટાલાલ નારાયણ પંડ્યા, વડોદરા—રા. રા. જીવણલાલ મહાસુખરામ—રા. પુરષોત્તમલાલ વ્રજલાલ—રા. વાડીલાલ બાલુભાઇ—રા. ઈચ્છાલાલ પી. મુનશી—મિ૰ બળવંતરાય કેશવરાવ જોશી.

૩ રા. રા. શેઠ રતનજી નસરવાનજી કોઠવાળા—વડોદરા.

૧ રા. લલ્લુભાઇ હરિદાસ ધ્રુ, વજીરીઆ—વાંસદા લાઈબ્રેરી—

૧ રા. જગજીવન ફુલચંદ—નેક નામ ખુમાંનસિંહજી

જીતાસંહજી—રા. મૂળચંદ બાવાભાઈ શાહ, વેરાવળ—શા. પીતાંબર મોનજી, વીંછીઆ—શા. તલકશી કરમચંદ વીરમગામ—રા. રા. ઠાકોરદાસ દયારામ, વડોદરા.

૧ રા. મોતીલાલ ખોડીદાસ—રા. સોમેશ્વર હરજીવન,—રા. રતનરામ ફરશરામ, વાગરા, ૧ રા. ભભુતપુરી દલપતપુરી, સિદ્ધપુર—રા. જમનાદાસ કુબેરદાસ, સિહોરી—

૪ મિ, મોહનલાલ બેચરદાસ, વામજ.

૭ રા. દેશાઈ માણેકલાલ મોજીલાલ મારફત, વીશનગર—૨ રા. નાથુલાલ હિંમતરામ—૧ રા. વ. પાનાચંદ મોજીલાલ—રા. મણિલાલ ચુનીલાલ—રા. વાડીલાલ છગન—રા. પુરૂષોત્તમ રાયચંદ—૧ નામ ઉકલતું નથી.

રા, રા, પ્રતેહસિંહરાવ લાઇબ્રેરીના સેક્રેટરી, સોનગઢ—રા. લલ્લુભાઇ ત્રિભોવનદાસ, શિહુડી—રા, રણછોડદાસ પરભુદાસ, સુરત—રા. નરશીદાસ દેવજી, હડીઆણા.

૨ રા. રા. માણેકલાલ છોટાલાલ, સુરત,

૧ વિઠ્ઠલરાય સેવકલાલ, રાંધણપુર—૧ રા. જુસબ મામદ ભગત, કલકત્તા—રા, મોતીરામ મોનદાસ, પીપળી.

"સુબોધ પ્રકાશ" ઓફિસમાં વેચાતાં ચોપડી—ચોપાન્યાં,

નામ	પોસ્ટેજ સાથે કિંમત.
સુબોધ પ્રકાશ પુસ્તક ૧ લું	૦–૩–૦
સુબોધ પ્રકાશ પુસ્તક ૨ જું	૦–૬–૦
સુબોધ પ્રકાશ પુસ્તક ૩ જું	૦–૬–૦

સુબોધ પ્રકાશ પુસ્તક ૪ થું ૦–૬–૦
સુબોધ પ્રકાશ પુસ્તક ૫ મું......................૦–૬–૦
માસિક સાર સંગ્રહ પુસ્તક ૧ લું.................૧–૦–૦
માસિક સાર સંગ્રહ પુસ્તક ૨ જું.................૧–૦–૦
કવિતા વિલાસ પુસ્તક ૧ લું.......................૦–૯–૦
ચતુરસિંહ પ્રવાસ આવૃત્તિ બીજી...................૧–૯–૦
હસાહસ ભાગ ૧ લો...............................૦–૭–૦
કંજુસનાં કર્મની કહાણીઓ.........................૦–૬–૬
દલપત સતશાહી....................................૦–૭–૬
સ્વાભાવિક ધર્મ.....................................૦–૧૦–૬
બાળ કેળવણી રીતી..................................૦–૧૨–૬
ઉદ્યોગથી ફાયદા અને આળસ્યથી નુકશાન.......૦–૬–૬
સદ્ગુણી વહુ..૦-૧૩-૦
ગુજરાત રાજ્યસ્થાન..................................૮–૮–૦
ગુજરાતી વહેમ.......................................૦–૨–૦
કાવ્ય કૌસ્તુભ ભાગ ૨ જો ૧–૫–૬
મુંબાઈ ઈલાકાની ભૂગોળવિદ્યા......................૦–૨–૬
ભરતખંડની ભૂગોળ વિદ્યા............................૦–૩–૦
શિવગિતા ભાષાંતર....................................૧–૧–૦
મોતીની માળા...૦–૬–૬
હસાહસ ભાગ ૨ જો....................................૦–૬–૬
સાટે કે સત્યાનાશ......................................૦–૫–૬
મિત્રતા વિષે નિબંધ ૦–૬–૬